જ્ઞાનવિમલસૂરિ તથા પં.પદ્મવિજયજી મ.સા.ની કૃતિ

# સ્તુતિ ચૈત્યવંદન સ્તવનો



-સા. શ્રી ધરણરેહાશ્રીજી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ ॥

# સ્તુતિ - ચૈત્યવંદન - સ્તવનો

દિવ્ય કૃપા

શાસન સમ્રાટ્ નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-કુમુદચન્દ્રસૂરિ

પ્રેરણા દાતા

શાસન પ્રભાવક-પ્રવચન પ્રભાવક પૂજ્ય આ.ભ. શ્રી
વિજય **પ્રબોધચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.

ઉપકારીનો ઉપકાર

વિનયવંતા સા. શ્રી **મયણરેહાશ્રીજી** મ.સા.ની
રત્નત્રયની આરાધનાની સ્મૃતિ અર્થે

પુરુષાર્થ

સાધ્વી શ્રી **મયણરેહાશ્રીજી** મ.સા.ના શિષ્યા-પ્રશિષ્યા
સાધ્વીશ્રી **સિદ્ધશીલાશ્રીજી, રયણશીલાશ્રીજી, ધરણરેહાશ્રીજી**

લાભ લેનાર

શ્રી છાપી મૂ. પૂ. જૈન સંઘના
જ્ઞાનખાતામાંથી

**ધન્યવાદ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પૂજ્યપાદ શ્રી મયણરેહાશ્રીજી મ.સા.ની જીવન ઝરમર

વિ.સં. ૨૦૦૦ શ્રાવણ વદ ૦)) ના પાલિતાણા સિદ્ધક્ષેત્રની ધન્ય ધરા ઉપર જેમ સમુદ્રમાંથી રત્નો પાકે, છીપમાંથી મોતી પાકે, સ્વાતિ નક્ષત્રમાં વરસેલું બિંદુ જેમ મોતી બને તેમ પિતાશ્રી રાયચંદભાઈના કૂળમાં અને માતુશ્રી શાંતાબેનની કુક્ષીએ કોહીનૂર રત્ન સમાન સુપુત્રી રત્નનો જન્મ થયો હતો. મધને પણ ઈર્ષ્યા થાય. એવી મધુર ભાષી આ પુત્રીનું નામ 'મધુ' પાડવામાં આવ્યું. જોતજોતમાં મધુએ ૭ વર્ષ વિતાવ્યાં ત્યાં પિતાજી રાયચંદભાઈ સ્વર્ગે સિધાવ્યા. ત્યારબાદ માતા શાંતાબેનને શાસન સમ્રાટ નેમિસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની પૂ. સા. શ્રી દેવશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા. શ્રી સૌભાગ્યશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી સુનંદાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા. શ્રી પદ્માશ્રીજી મ.સા.નો સમાગમ થયો. જેના પ્રભાવે સંસારની અસારતા સમજી, સંસારના સ્વરૂપને લાવારસ સમાન માની આત્મકલ્યાણની કોલેજમાં દાખલ થવા માટે વિનય-નમ્રતાના કિંમતી અલંકારોથી સજ્જ બનવા મહાન ચારિત્ર માર્ગ સાધવાના ભાવ કેળવ્યા. ત્યારે માતાએ દિકરી મધુને પૂછ્યું. તારે સંયમ લેવો છે ? આ પૂછે કે તરત જ દિકરી મધુએ વિલંબ કર્યા વિના હા પાડી કહ્યું ! હા ! મારે પણ સંયમ લેવો છે અને...

બન્નેએ વિ.સં. ૨૦૦૮ માગશર સુદ-૧૧ના ખંભાત મુકામે વાત્સલ્ય વારિધિ - સમયજ્ઞ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે માતાની સાથે જ દિકરી મધુએ આઠ જ વર્ષની બાલ્યવયમાં દીક્ષા ગ્રહણ કરી.

પૂ.સા. શ્રી પદ્માશ્રીજી મ.સા.ના શિષ્યા માતા શાંતાબેન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ.સા. શ્રી સૌમ્યલત્તાશ્રીજી મ.સા. થયા અને એમના શિષ્યા દિકરી મધુ પૂ.સા. શ્રી મયણરેહાશ્રીજી મ.સા. થયા.

યોગોદ્વહન કરતાં મહા સુદ-૧૧ના ખંભાત મુકામે સિદ્ધાન્ત મહોદધિ પ્રાકૃત વિદ્‌વિશારદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે વડી દીક્ષા થઈ.

વિ.સં. ૨૦૧૭માં અમદાવાદમાં પૂજ્યપાદ કવિદિવાકર - પીયુષપાણી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્ય સમ્રાટ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા. આદિની નિશ્રામાં મોટા યોગોદ્વહન કર્યા હતા.

તેઓશ્રીએ એક જ દિવસમાં વંદિતુ , એકજ દિવસમાં અજિતશાંતિ અને દોઢ જ દિવસમાં પક્ખિ સૂત્ર કંઠસ્થ કર્યું હતું. આમ અખૂટ જ્ઞાન ખજાનાના સ્વામિની ગુલાબની જેમ પોતાનું જીવન સુવાસિત મઘમઘતું બનાવ્યું અને બીજા ભવ્યજીવોને પણ સૌરભ આપી હતી.

આ વિશ્વમાં અનેક જીવો જન્મે છે પણ તે જીવનની કિંમત છે કે જેમનું સોહામણું વ્યક્તિત્વ, સદાયે અનેક જીવોને રાહ ચીંધે છે. પ્રસાદની ઘેરી નિંદ્રામાંથી જાગૃત કરી કર્તવ્યના પંથે દોરી જવા માર્ગદર્શન આપે છે. દિવ્ય જીવન જીવવાનો બોધ આપે છે. એટલું જ નહિં પણ ગુરુભક્તિ - સરળતા - નિરાભિમાનતા - નમ્રતા - લઘુતા - અપૂર્વક્ષમા - બીજા પ્રત્યે અપૂર્વ લાગણી - ગુણાનુરાગ વિગેરે ગુણો જીવનમાં ઓતપ્રોત વણાઈ ગયા હતા. તથા પૈસા વડે જે ખરીદી શકાતો નથી. બુદ્ધિ જેની પાસે કાંઈ વિસાતમાં નથી. સત્તાના લાંબા હાથ જેને પહોંચી શકતા નથી. વૈભવ જેને વશ કરી શકતો નથી. એવો એક સર્વેને સ્વમાં સમાવતો ગુણ વાત્સલ્ય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે વાત્સલ્ય હૃદય છીપનું મોતી છે, વાત્સલ્ય એ મન મોરલીનું સંગીત છે. વાત્સલ્ય એ સૌંદર્યનું ઉર્મિલ ગીત છે. વાત્સલ્ય એ અમૃતનું ઝરણું છે.

આવા આ વાત્સલ્ય ભાવનો ખજાનો પૂજ્યશ્રી સાધ્વીશ્રી મયણરેહાશ્રીજી મ.સા. હતા. પૂજ્યશ્રીએ પાંચમ, વીશસ્થાનક તપ, વર્ષીતપ, શ્રેણીતપ, સિદ્ધિતપ, સમવસરણતપ, ભદ્રતપ, ઘનતપ, અઠ્ઠાઈ, ૧૬ ઉપવાસ, ૯ ઉપવાસ, નવપદની ઓળી, વર્ધમાન તપની ઓળી, છ અઠ્ઠાઈ, ૯૯ યાત્રા સિદ્ધગિરિની મોટી. આવી તપ સાધના સાથે પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા., પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા, મહાતપસ્વિ-તપસ્વીરત્ન-તપસ્વી સમ્રાટ, પૂજ્યપાદ્ આ.ભ. શ્રીમદ્ વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા., પ્રવચન પ્રભાવક, સરળ વિભૂતિ ચકાચક પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ પૂજ્યવર્યોની નિઃસ્વાર્થ ભાવે અપૂર્વ ભક્તિનો લાભ લીધો હતો.

૫૪ વર્ષના દીક્ષા પર્યાયમાં છેલ્લા ૨૫ વર્ષમાં પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સાથે ૧૭ ચાતુર્માસ કર્યા. છેલ્લું ચાતુર્માસ મહુવા કરી. બારડોલી મુકામે ઉપાશ્રયનું ઉદ્ઘાટન હોવાથી મહા વદ-૫ના પ્રવેશ અને મહા વદ-૬ ના નવનિર્મિત ઉપાશ્રયનું ઉદ્ઘાટન, રથયાત્રાનો વરઘોડો, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ કાર્યો સંપૂર્ણ થયા. રાત્રે પ્રતિક્રમણમાં પણ સ્વસ્થ ચિત્તે શાંતિ બોલી અને રાત્રે સંથારા પોરિસિ ભણાવ્યા બાદ નવસ્મરણ ગૌતમસ્વામિ રાશ ગણીને સૂતા. મધ્ય રાતે ૧-૩૦ કલાકે શ્વાસોશ્વાસ ગતિ વધી ગઈ. પૂજ્યપાદ પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા.ને જાણ થતાં તુરત જ પધાર્યા. વાસક્ષેપ કરી નમસ્કાર મહામંત્રાદિ માંગલિક શ્રવણ કરાવ્યું. ત્યારે સાધ્વીજી શ્રી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મયણરેહાશ્રીજી મ.સા.એ પૂજ્યશ્રીને મત્થએણ વંદામિઃ, શાતામાં રહેજો, હું જાઉં છું. આટલું બોલી ૨૦૬૧- મહા વદ-૬ ના રાત્રે ૧-૪૦ કલાકે અમોને નિરાધાર-નિરાશ્રય-રડતાં મૂકીને અનંતની વાટે સિધાવ્યા. સોળે કળાયે ખીલેલ ચાંદ જગતમાં અંધકાર પાથરી વિલીન થઈ ગયો. આ સમાચાર વાયુવેગે પ્રસરતા જનતાના દિલમાં એક ઊંડો આંચકો લાગ્યો કે શું આ સત્ય હશે કે સ્વપ્ન ! સમસ્ત બારડોલી નગરમાં સારાયે ભારતમાં હાહાકાર મચી ગયો. જનતાને જેવા આ દુઃખદ સમાચાર મળ્યા કે તુરત જ તેમના દર્શનાર્થે ગામેગામથી ભાવુકો દોડી આવ્યા. તેમનો પાર્થિવ દેહ જોતાં સૌના મનમાં થતું કે શું આ તેજસ્વી મૂર્તિના અલૌકિક તેજ છે. મહા વદ-૭ ના રોજ બપોરે ૨ કલાકે તેમની જય જય નંદા જય જય ભદ્દાના જયનાદ સહ ભવ્ય પાલખી યાત્રા વિશાળ મેદની સાથે નીકળી હતી.

'કૃતિ જેમની કલ્યાણકારી
આકૃતિ જેમની આલ્હાદકારી
પ્રકૃતિ જેમની પ્રેમ ક્યારી
જિનાજ્ઞા હતી જેમને પ્રાણાચારી
એવા અનંત ગુણોનાધારી.
સ્વીકારો ગુરુજી વંદના અમારી.'

અમારું જીવન નિષ્કંટક, નિરાબાધ અને નિષ્કલંક નિવડે તેવી તેઓ પ્રત્યે અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરીએ.

ઓ ગુરુદેવ... ઓ... ગુરુદેવ દર્શન દેજો... સ્વર્ગલોકના દ્વારેથી....

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.સા.ની શોર્ટમાં જીવન ઝરમર | ૧ |
| (૨) | ચોવીસ જિન સ્તુતિ | ૩ |
| (૪) | શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન | ૯ |
| (૫) | શ્રી અજિતનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૧૧ |
| (૬) | શ્રી સંભવનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૧૩ |
| (૭) | શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન | ૧૫ |
| (૮) | શ્રી સુમતિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૧૭ |
| (૯) | શ્રી પદ્મપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન | ૧૯ |
| (૧૦) | શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૨૧ |
| (૧૧) | શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન | ૨૨ |
| (૧૨) | શ્રી સુવિધિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૨૩ |
| (૧૩) | શ્રી શીતલનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૨૫ |
| (૧૪) | શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૨૭ |
| (૧૫) | શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન | ૨૮ |
| (૧૬) | શ્રી વિમલનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૩૦ |
| (૧૭) | શ્રી અનંતનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૩૨ |
| (૧૮) | શ્રી ધર્મનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૩૪ |
| (૧૯) | શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૩૬ |
| (૨૦) | શ્રી કુંથુનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૩૮ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૨૧) | શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૩૯ |
| (૨૨) | શ્રી મલ્લિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૪૦ |
| (૨૩) | શ્રી મુનિસુવ્રત સ્વામીનું ચૈત્યવંદન | ૪૨ |
| (૨૪) | શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૪૩ |
| (૨૫) | શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૪૫ |
| (૨૬) | શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૪૭ |
| (૨૭) | શ્રી મહાવીર સ્વામિનું ચૈત્યવંદન | ૪૯ |
| (૨૮) | શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન | ૫૧ |
| (૨૯) | શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન | ૫૩ |
| (૩૦) | શ્રી પંન્યાસ પદ્મવિજયજી મ.સા.ની શોર્ટમાં જીવન ઝરમર | ૫૫ |
| (૩૧) | શ્રી આદિશ્વર પ્રભુનું ચૈત્યવંદન | ૫૬ |
| (૩૨) | શ્રી અજિતનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૫૮ |
| (૩૩) | શ્રી સંભવનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૬૦ |
| (૩૪) | શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન | ૬૧ |
| (૩૫) | શ્રી સુમતિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૬૩ |
| (૩૬) | શ્રી પદ્મપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન | ૬૫ |
| (૩૭) | શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૬૬ |
| (૩૮) | શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન | ૬૮ |
| (૩૯) | શ્રી સુવિધિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૬૯ |
| (૪૦) | શ્રી શીતલનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૭૧ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૪૧) | શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૭૨ |
| (૪૨) | શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન | ૭૩ |
| (૪૩) | શ્રી વિમલનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૭૫ |
| (૪૪) | શ્રી અનંતનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૭૬ |
| (૪૫) | શ્રી ધર્મનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૭૮ |
| (૪૬) | શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૭૯ |
| (૪૭) | શ્રી કુંથુનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૮૧ |
| (૪૮) | શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૮૨ |
| (૪૯) | શ્રી મલ્લિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૮૪ |
| (૫૦) | શ્રી મુનિસુવ્રત સ્વામીનું ચૈત્યવંદન | ૮૬ |
| (૫૧) | શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૮૭ |
| (૫૨) | શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૮૮ |
| (૫૩) | શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન | ૯૦ |
| (૫૪) | શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન | ૯૩ |
| (૫૫) | વિવિધ ગહુંલીઓ | ૯૪ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



॥ श्री मुनिसुव्रत स्वामिने नमः ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



મહાતપસ્વીરત્ન

શ્રીમદ્ વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ચકાચક

શ્રીમદ્ વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પૂજ્યપાદ શ્રી મયણરેહાશ્રીજી મ.સા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.સા.ની શોર્ટમાં જીવન ઝરમર...

આ સૂરિનો જન્મ સં. ૧૬૯૪માં ભિન્નમાલ શહેરમાં થયો હતો. તેમનું નામ નાથુમલ્લ હતું. તેમના પિતા વાસવ શેઠ અને માતાનું નામ કનકાવતી હતું. તેમની વીશા ઓશવાળ જ્ઞાતિ હતી. તેમણે સં. ૧૭૦૨માં આઠ વર્ષની ઉંમરે ધીરવિમલગણી પાસે દીક્ષા લીધી. તેમનું નયવિમલ નામ પાડયું. તેમણે અમૃતવિમલગણી તથા મેરુવિમલગણી પાસે અભ્યાસ કર્યો. તેમને સં. ૧૭૨૭ના મહા વદી ૧૦ મે તપાગચ્છાધિપતિ આચાર્ય વિજયપ્રભસૂરિએ સાદડી પાસે ઘાણેરાવ ગામમાં પંન્યાસ પદ આપ્યું. તેમના ગુરુ ધીરવિમલગણી સં. ૧૭૩૯માં સ્વર્ગવાસી થયા.

આચાર્ય વિજયપ્રભસૂરિની આજ્ઞાથી મહિમાસાગરસૂરિએ પાટણ પાસે આવેલા સંડેસર (સંડેર)માં સં. ૧૭૪૪ના ફાગણ સુદી પાંચમને ગુરૂવારે આચાર્ય પદવી આપી તેમનું જ્ઞાનવિમલસૂરિ નામ રાખ્યું. તે વખતે શેઠ નાગજી પારેખે આચાર્યપદનો મહોત્સવ કર્યો હતો.

તેમનો વિહાર ઘણા ભાગે સુરત, અમદાવાદ, પાટણ, સાદડી, રાધનપુર, ખંભાત, ઘાણેરાવ, સિરોહી,પાલિતાણા, જૂનાગઢ વગેરે સ્થળોમાં થયો છે. તેમના ઉપદેશથી સુરતના શેઠ પ્રેમજી પારેખે સં. ૧૭૭૭ માં શ્રી સિદ્ધાચલનો સંઘ કાઢ્યો હતો. તે સંઘનું વર્ણન કવિ દીપસાગરગણીના શિષ્ય સુખસાગર કવિએ પોતાના પ્રેમવિલાસ નામના રાસમાં કર્યું છે. પાલિતાણામાં તેમના હાથે જિન પ્રતિમાની સત્તરવાર પ્રતિષ્ઠા થઈ છે. તેમણે છેલ્લું ચોમાસું ખંભાતમાં સં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૮૨માં કર્યું. ત્યાં આસો વદમાં ૮૯ વર્ષની ઉંમરે તેઓ સ્વર્ગવાસી થયા. તેમની સ્મૃતિમાં તેમનાં પગલાં યુક્ત દેરી ખંભાત પાસે શક્કરપરામાં કરાવેલ છે. જે આજે વિદ્યમાન છે.

તેઓશ્રીએ ઘણા ગ્રંથો રચ્યા છે. ૧. નરભવ દૃષ્ટાંતમાળા ૨. પાક્ષિકવિધિ પ્રકરણ ૩. સાધુવંદન રાસ તથા ૪. ઉપાસક દશાંગ ટબાર્થ વગેરે ૧૩ ગ્રંથો નયવિમલગણીની અવસ્થામાં રચ્યા છે. તથા ૭૫૦૦ શ્લોક પ્રમાણ પ્રશ્ન વ્યાકરણવૃત્તિ, તથા સંસારદાવાવૃત્તિ વગેરે ગ્રંથો આચાર્યપણામાં બનાવ્યાં છે. તે સિવાય અનેક સ્તવનો, સજ્ઝાયો, થોયો વિગેરે બનાવ્યાં છે. આ પ્રમાણે ગુજરાતી પદ્ય સાહિત્યમાં તેમણે મોટો ફાળો આપ્યો છે. તેમનું વિશેષ ચરિત્ર જાણવા ઈચ્છનારે વીજાપુરનો ઈતિહાસ તથા પં. મુક્તિવિમલગણિ સંગ્રહિત પ્રાચીન સ્તવન સંગ્રહ જોવા.

**(દેવવંદનમાલામાંથી)**

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચોવીસ જિન સ્તુતિ

## ૧. શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી,
વ્હેંતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વંદું છું તે ઋષભજિન ને ધર્મ-ધોરી પ્રભુને.

## ૨. શ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ

દેખી મૂર્તિ અજિતજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તારું ધરે છે,
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

## ૩. શ્રી સંભવનાથ ભગવાનની સ્તુતિ

જે શાન્તિનાં સુખ-સદનમાં મુક્તિમાં નિત્ય રાજે,
જેની વાણી ભવિકજનનાં ચિત્તમાં નિત્ય ગાજે,
દેવેન્દ્રોની પ્રણયભરની ભક્તિ જેને જ છાજે,
વંદુ તે સંભવજિન તણા પાદપદ્મો હું આજે.

## ૪. શ્રી અભિનંદન સ્વામીની સ્તુતિ

ચોથા આરારૂપ નભવિષે દીપતા સૂર્ય જેવા,
ઘાતી કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા,
સાચે ભાવે ભવિકજનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણ યુગલે હું ચાહું નિત્ય રહેવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### ૫. શ્રી સુમતિનાથ ભગવાનની સ્તુતિ

આ સંસારે ભ્રમણ કરતાં શાન્તિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યાં કુમતિ વશથી મેં બહુયે મુનીન્દ્ર,
તો એ નાવ્યો ભવભ્રમણથી છૂટકારો લગારે,
શાન્તિ દાતા સુમતિજિનજી દેવ છે તું જ મારે.

### ૬. શ્રી પદ્મપ્રભસ્વામીની સ્તુતિ

સોના કેરી સુર વિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવા પ્રભુચરણના સંગથી દીપ્તિ ધારી,
દેખી ભવ્યો અતિ ઊલટથી હર્ષના આંસુ લાવે,
તે શ્રી પદ્મ-પ્રભ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે.

### ૭. શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ

આખી પૃથ્વી સુખમય બની આપના જન્મકાળે,
ભવ્યો પૂજે ભયરહિત થઈ આપને પૂર્ણ વ્હાલે,
પામે મુક્તિ ભવભય થકી જે સ્મરે નિત્યમેવ,
નિત્ય વંદુ તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેષ્ટ દેવ.

### ૮. શ્રી ચંદ્રપ્રભસ્વામીની સ્તુતિ

જેવી રીતે શશિકિરણથી ચંદ્રકાન્ત દ્રવે છે.
તેવી રીતે કઠિણ હૃદયે હર્ષનો ધોધ વહે છે.
દેખી મૂર્તિ અમૃત ઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભ જિન મને આપજો સેવ સારી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯. શ્રી સુવિધિનાથ ભગવાનની સ્તુતિ

સેવા માટે સુરનગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુરગિરિ પરે સ્નાત્ર પૂજા રચાવે,
નાટ્યારંગે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિ જિનની કોણને ચિત્ત નાવે ?

## ૧૦. શ્રી શીતલનાથ ભગવાનની સ્તુતિ

આધિ વ્યાધિ પ્રમુખ બહુયે તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલજિનની જાણીને હર્ષ આણી,
નિત્યે સેવે મન વચનને કાયથી પૂર્ણ ભાવે,
કાપી ખંતે દુરિત ગણને પૂર્ણ આનંદ પાવે.

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિ

જે હેતુ વિણ વિશ્વના દુઃખ હરે ન્હાયા વિના નિર્મળા,
જીતે આંતર શત્રુને સ્વબળથી, દ્વેષાદિથી વેગળા,
વાણી જે મધુરી વદે ભવતરી, ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસ જિણંદના ચરણની, ચાહું સદા ચાકરી.

## ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામીની સ્તુતિ

જે ભેદાય ન ચક્રથી ન અસિથી, કે ઈન્દ્રના વજ્રથી,
એવા ગાઢ કુકર્મ હે જિનપતે, છેદાય છે આપથી,
જે શાન્તિ નવ થાય ચંદન થકી, તે શાન્તિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી, નિત્ય નમું આપને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩. શ્રી વિમલનાથ ભગવાનની સ્તુતિ

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલજિનનાં ધ્યાનથી નષ્ટ થાય,
પાપો જૂનાં બહુ ભવતણાં, અજ્ઞાનથી કરેલાં,
તે માટે હે જિન ! તુજ પદે પંડિતો છે નમેલાં.

## ૧૪. શ્રી અનંતનાથ ભગવાનની સ્તુતિ

જેઓ મુક્તિ નગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ સંત,
જેહની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્ય મારા હૃદયકમલે આવજો શ્રી અનંત.

## ૧૫. શ્રી ધર્મનાથ ભગવાનની સ્તુતિ

સંસારાંભોનિધિ જળ વિષે બૂડતો હું જિનેનદ્ર
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીંદ્ર,
લાખો યત્નો યદિ જન કરે તોય ના તેહ છોડું,
નિત્ય ધર્મ પ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું.

## ૧૬. શ્રી શાન્તિનાથ ભગવાનની સ્તુતિ

જાણ્યાં જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાન્તિ કીધી પણ પ્રભુ તમે માતના ગર્ભમાંથી,
ષટ્ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૭. શ્રી કુંથુંનાથ ભગવાનની સ્તુતિ

જેની મૂર્તિ અમૃત ઝરતી, ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે,
જેની સેવા પ્રણયભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુંથુંજિન ચરણમાં ચિત્ત મારું ઠરે છે.

## ૧૮. શ્રી અરનાથ ભગવાનની સ્તુતિ

જે દુઃખોના વિષમ ગિરિઓ, વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા, સૂર્યની જેમ છેદે,
જેની પાસે તૃણ સમ ગણે સ્વર્ગને ઈંદ્ર જેવા,
એવી સારી અરજિન મને આપજો આપ સેવા,

## ૧૯. શ્રી મલ્લિનાથ ભગવાનની સ્તુતિ

તાર્યા મિત્રો અતિ રૂપવતી સ્વર્ણની પૂતળીથી
એવી વસ્તુ પ્રભુ તુજ નથી બોધ ના થાય જેથી,
સચ્ચારિત્રે જન મન હરી બાળથી બ્રહ્મચારી,
નિત્ય મલ્લિ-જિનપતિ મને આપજો સેવ સારી.

## ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામીની સ્તુતિ

અજ્ઞાનાંધકૃતિ વિનાશ કરવા, જે સૂર્ય જેવા કહ્યાં,
જેણે અષ્ટ પ્રકારનાં કઠિણ જે, કર્મો બધાં તે દહ્યાં,
જેની આત્મ સ્વભાવમાં રમણતા, જે મુક્તિદાતા સદા,
એવા તે મુનિસુવ્રતેશ નમીએ, જેથી ટળે આપદા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૧. શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ

વૈરી વૃંદ નમ્યો પ્રભુ જનકને, ગર્ભ પ્રભાવે કરી,
કીર્તિચન્દ્રકરોજ્વલા દિશિદિશિ, આ વિશ્વમાં વિસ્તરી,
આપી બોધ અપૂર્વ આ જગતને, પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે, પામ્યો ખરા ધર્મને,

## ૨૨. શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ

લોભાવે લલના તણા લલિત શું, ત્રિલોકના નાથને,
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી, શું સ્વર્ગના શૈલને,
શું સ્વાર્થે જિન દેવ એ પશુતણા, પોકાર ના સાંભળે ?
શ્રીમન્નેમિજિનેન્દ્ર સેવન થકી, શું શું જગે ના મળે ?

## ૨૩. શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ

ધૂણીમાં બળતો દયાનિધિ તમે, જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં, આપી મહામંત્રને,
કીધો શ્રી ધરણેન્દ્ર ને ભવથકી, તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વજિનેન્દ્ર નાથ રહિતા, સેવા તમારી મને.

## ૨૪. શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે, ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્ત ચકોરને જિન તમે, છો પૂર્ણ ચંદ્ર પ્રભુ,
પામ્યો છું પશુતા તજી સુરપણું, હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજને, પાપી મહાકર્મથી.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન

પ્રથમ જિનેશ્વર ઋષભદેવ, સવ્વટ્ઠથી ચવીયા,
વદી ચઉથે અષાઢની, શક્રે સંસ્તવિયા,
અષ્ટમી ચૈત્રહ વદી તણી, દિવસે પ્રભુ જાયા,
દીક્ષા પણ તિણહિ જ દિને, ચઉનાણી થાયા,
ફાગણ વદી અગ્યારસે એ, જ્ઞાન લહે શુભ ધ્યાન,
મહા વદી તેરસે શિવ લહ્યા, પરમાનંદ નિધાન.

### સ્તવન (૧)

ત્રિભુવનના નાયક તુંહિ તુંહિ, સુરનર સતિ તુજ પાયક તુંહિ
આપો મુજ સમકિત ક્ષાયક તુંહિ, સવિ ગુણ મણિ વર લાયક તુંહિ
તુંહિ તુંહિ તુંહિ તુંહિ..... ૧

તું વિધિ વેધ વર ગુણ બ્રહ્મા, તું શંકર મહાદેવા તુંહિ,
તું પુરુષોત્તમ તુંહિ નિરંજન, વિશ્વરૂપી સયમેવા તુંહિ................ ૨

યોગીશ્વર તું યોગકરણ ગુણ, દાખે અનુભવ ચાખે તુંહિ,
નાભિ જાત વળી આદિ પુરુષ તું, નામ અનેક એમ ભાખે તુંહિ..... ૩

વિતરાગથી બુદ્ધિ ધ્યાતા, વિતરાગતા પાવે તુંહિ,
એ યુગ તું પણ અચરજ એહી, રાગી રાગ જણાવે તુંહિ............ ૪

કારણના ગુણ કારજ દાખે, એહવી છે પરવાડી તુંહિ,
પણ કારજ ગુણ કારણ થઈને, ભાંગી રાગ અજાડી તુંહિ........... ૫

ભવથી અલગો ભવિ મન વલગો, કલગો રોચન વાન તુંહિ,
જિનહર તું ધન માંહી નિરખી, મોટું મહિમા નિધાન તુંહિ......... ૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધાચલ શ્રી ઋષભ જિનેશ્વર, તે સમબિંબ વિરાજે તુંહિ,
નિરખે દુઃખ દોહગ સવિ ભાંજે, જિમ હરિનાદે ગજરાજ તુંહિ...... ૭

જ્ઞાનવિમલ પ્રભુ વદન નિહાળી, દુરિત મિથ્યામતિ ટાલી તુંહિ,
પ્રગટી સહજાનંદ દિવાળી, પાતિક પંખ પખાલી તુંહિ.............. ૮

## સ્તવન (૨)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન તુમ.
નાભિ નરેસર નંદન નિરૂપમ, માતા મરુદેવી જાયો. પ્રથમ. ૧

આજ અમીયરસ જલધર વૂઠયો, માનું ગંગાજલ નાહો,
સુરતરૂ સુરમણિ પ્રમુખ અનોપમ, તે સવિ આજ મેં પાયો. પ્રથમ. ૨

યુગલા ધર્મ નિવારણ તારણ, જગ જને મંડપ વાહો,
પ્રભુ તુજ શાસન વાસન શકતે, અંતર વૈરી હરાયો. પ્રથમ. ૩

કુગુરુ કુદેવ કુધર્મ કુવાસન, કાલ અનંત વહાયો,
મેં પ્રભુ આજથી નિશ્ચય કીનો, સો મિથ્યાત ગમાયો. પ્રથમ. ૪

બેર બેર વિનંતી કરું ઈતની, તુમ સેવારસ પાયો,
જ્ઞાનવિમલ પ્રભુ સાહિબ સુનજરે, સમકિત પૂરણ સવાયો. પ્રથમ. ૫

## થોય

ઋષભ જિન સુહાયા, શ્રી મરુદેવી માયા,
કનકવરણ કાયા, મંગલા જાસ જાયા.
વૃષભ લંછન પાયા, દેવ નરનારી ગાયા,
પણસય ધનુકાયા, તે પ્રભુ ધ્યાન ધ્યાયા. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અજિતનાથ પ્રભુનું ચૈત્યવંદન

સુદી વૈશાખની તેરશે, ચવિયા વિજયંત,
મહા સુદિ આઠમ જનમીયા, બીજા શ્રી અજિત,
મહા સુદી નવમે મુનિ થયા, પોષી ઈગ્યારસ,
ઉજ્જવલ ઉજ્જવલ કેવલી, થયા અક્ષય કૃપા - રસ,
ચૈત્ર(વૈશાખ) શુકલ પંચમી દિને એ, પંચમ ગતિ લહ્યા જેહ
ધીર વિમલ કવિરાયનો, નય પ્રણમે ધરી નેહ. ૧.

### સ્તવન (૧)

અજિત જિણંદ દયા કરો, આણી અધિક પ્રમોદ.
જાણી સેવક આપનો, સુણીએ વચન વિનોદ રે.
જિનજી સેવના ભવભવ તારી હોજો રે એ મનકામના. આંકણી. ૧

કર્મશત્રુ તુમે જીતીઆ, તેમ મુજને જિતાડ,
અજિત થાઉં દુશ્મન થકી, એ મુજ પૂરો રૂહાડ રે. જિનજી. ૨

જિત શત્રુ નૃપ નંદનો, જીતે વયરી જેહ,
અચરિજ ઈહાં કણે કો નહિ, પરિણામે ગુણગેહ રે. જિનજી. ૩

સકલ પદારથ પામીએ, દીઠે તુમ દીદાર,
સૌભાગી મહિમા નિલો, વિજયામાત મલ્હાર રે. જિનજી. ૪

જ્ઞાનવિમલ સુપ્રકાશથી, ભાસિત લોકાલોક,
શિવસુંદરીના વાલહા, પ્રણમે ભવિજન થોક રે. જિનજી. ૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

અજિત જિન તુમશું પ્રીતિ બંધાણી. તુમશું.
અજિતજિન તુમશું પ્રીતિ બંધાણી. આંકણી.
જિતશત્રુ નૃપ નંદન નંદન. ચંદન શીતલ વાણી. અજિત. ૧

માત ઉદર વસતે પ્રભુ તુમચી, અચરિજ એહ કહાણી,
સોગઠ પાશે રમતે જીત્યો, પ્રીતમ વિજયારાણી. અજિત. ૨

તુંહિ નિરંજન રંજન જગજન, તુંહિ અનંતગુણ ખાણી,
પરમાનંદ પરમ પદ દાતા, તુજ સમકો નહિ નાણી. અજિત. ૩

ગજલંછન કંચનવન ઓપમ, માનું સોવન પિંગાણી,
તુજ વદન પ્રતિબિંબિત શોભિત, વંદત સુર ઈંદ્રાણી. અજિત. ૪

અજિત જિનેશ્વર કેસર ચરચિત, કોમલ કમલ સમ પાણિ,
જ્ઞાનવિમલ પ્રભુ ગુણગણ ભણતાં, શિવસુખ રયણની ખાણિ.અજિત. ૫

## થોય

અજિત જિનપતિનો, દેહ કંચન જરીનો,
ભવિક જન- નગીનો, જેહથી મોહબીનો,
હું તુજ પદ લીનો, જેમ જલ માંહે મીનો,
નવિ હોય તે દીનો, તાહરે ધ્યાને પીનો. ૧

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સંભવનાથ પ્રભુનું ચૈત્યવંદન

સાપ્તમ ગ્રૈવેયક થકી, ચવિયા શ્રી સાંભવ
ફાગણ સુદી આઠમ દિને, ચઉદસી અભિનવ. ૧
મૃગશિર માસે જન્મીયા, તિણી પૂનમ સંજમ,
કાર્તીક વદી પંચમી દિને, લહે કેવલ નિરુપમ. ૨
પંચમી ચૈત્રની ઊજલી એ, શિવ પહોંત્યા જિનરાજ,
જ્ઞાનવિમલ પ્રભુ પ્રણમતાં, સીઝે સઘલાં કાજ. ૩

### સ્તવન (૧)

શ્રી સંભવ જિનવર સાહિબા, વસિયા મુજ ચિત્ત મઝાર,
ધર્મસ્નેહી સુપરિશ્યું, જિમ હંસી હિયડે હાર રે. શ્રી. ૧

જન્મ થયે સવિ જગતમાં, જિહો નાઠા દુઃખ દુકાળ,
ધાન્યનિકર સવિ નીપના, ગુણે નામ ઠવ્યું સુવિશાલ રે. શ્રી. ૨

તુમ ધ્યાને મુજ હૃદયમાં, થયા સમકિત સૂથ સુગાલ,
મિથ્યામત દારિદ્ર ઉપશમ્યો, દુર્ધ્યાન થયો વિસરાલ રે. શ્રી. ૩

જી રે ભૂપજિતારિકુલતિલો, સેનાઉરિ રાજમરાલ,
હું ઉપકરવા સારીખો, તાહરે ઉપકારનો ઢાળ રે. શ્રી. ૪

જી રે અવરદેવ યાચું નહિ, પામી તુમ ચરણ રસાલ,
સરોવર જલ જલધર વિના, નવિ યાચે ચાતક બાલ રે. શ્રી. ૫

જી રે પરમ પુરુષ પરમાતમા, જી હો પુણ્ય સરોવર પાળી,
જ્ઞાનવિમલ પ્રભુ નામથી, નિત્ય હોવે મંગલ માલ રે. શ્રી. ૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

સંભવ જિનવર ખૂબ બન્યો રે, અવિહડ ધર્મસનેહ,
દિન દિન તે વધતો અછે રે, કબ હી ન હોવે છેહ. ૧.

સૌભાગી જિન મુજ મન તું હિ સુહાય,
એ તો બીજા નાવે દાય, હું તો લળી લળી લાગું પાય. સૌ. આંકણી.

દૂધ માંહે જેમ ઘૃત વસ્યું રે, વસ્તુ માંહે સામર્થ્ય,
તંતુ માંહે જેમ પટ વસ્યો રે, સૂત્ર માંહે જેમ અર્થ. સૌ. ૨

કંચન પારસ પાષાણમાં રે, ચંદનમાં જેમ વાસ.,
પૃથ્વી માંહે જેમ ઔષધી રે, કાર્યે કારણ વાસ. સૌ. ૩

જેમ સ્યાદ્વાદે નય મિલે રે, જેમ ગુણમાં પર્યાય,
અરણીમાં પાવક વસ્યો રે, જેમ લોકે ષટકાય. સૌ. ૪

તેણી પેરે તું મુજ ચિત્ત વસ્યો રે, સેનામાત મલ્હાર,
જો અભેદબુદ્ધિ મલે રે, શ્રી જ્ઞાનવિમલ સુખકાર. સૌ. ૫

## થોય

જિન સંભવ વારુ, લંછને અશ્વ ધારુ,
ભવજલનિધિ તારુ, કામગદ તીવ્ર દારુ,
સુરતરુ પરિવારુ, દૂષમા કાલ મારુ.
શિવસુખ કિરતારુ, તેહના ધ્યાન સારુ. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન

જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા,
વૈશાખ સુદી ચોથે, માઘ-સુદી બીજે જાયા,
મહા સુદી બારસ ગ્રહિય દિક્ખ, પોષ સુદી ચઉદશ,
કેવલ સુદી વૈશાખની, આઠમે શિવસુખરસ,
ચઉથા જિનવરને નમીએ, ચઉગતિ ભ્રમણ નિવાર,
જ્ઞાનવિમલ ગણપતિ કહે, જિનગુણનો નહીં પાર. ૧.

### સ્તવન (૧)

અભિનંદન જિનરાજ આણી ભાવ ઘણોરી,
પ્રણમું તુમારા પાય સેવક કરિ આપણો રી,
ભવભય સાગર તાર સાહેબ સોહામણો રી,
સુરતરુ જાસ પ્રસન્ન કેમ હોય તે દુમણો રી. ૧.

તેહશું ધર્મસ્નેહ સહજ સ્વભાવ બન્યો રી,
ઉપશમવંત અથાહ તોહી મોહ હણ્યો રી,
રતિપતિ દુર્ધર જેહ દુશ્મન તેં ન ગણ્યો રી. ૨.

સંવર નૃપનો જાત સંવર જેહ ધરે રી,
અચરિજ શું તેહમાંહે કુલ આચાર કરે રી,
કીર્તિકન્યા જાસ ત્રિભુવન માંહે ફરે રી
પર વાદિ મતમાન તાસુ તેહ હરે રી. ૩.

અક્ષય લહે ફલ તેહ જેહશું હેજ વહેરી,
દોહગ દુર્ગતિ દુઃખ દુશ્મન ભીતિ દહે રી,
ભવભવ સંચિત પાપ ક્ષણમાં તેહ હરે રી,
એમ મહિમા મહિમાંહિ સર્વથી કેમ કહે રી. ૪.

સાયર ભળીઉં બિંદુ હોવે અક્ષયપણે રી,
તેમ વિનંતિ સુપ્રમાણ સાહિબ જેહ સુણે રી,
અનુભવ ભવને નિવાસ, આપો હેજ ઘણે રી,
જ્ઞાન વિમલ સુપ્રકાશ પ્રભુગુણ રાસ થુણે રી. ૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

આણી હો કે આણી મનનો ભાવ,
વંદો હોકે વંદો અભિનંદન જિના જી.
ચોથા હો કે ચોથો વર્ગ પ્રધાન,
સાધ્યો હો કે સાધ્યો જિણે શુભમના જી. ૧.
પહિલે હો કે પહિલે પૂર્વવિદેહ, વિજયા હો કે વિજયા
મંગલાવતી જાણીએ જી.
નયરી હો કે નયરી રેણપુરી નામી,
સુરપુરી હો કે સુરપુરી સમ વખાણીએ જી. ૨.
મહાબલ હો કે મહાબલ નામે ભૂપ,
દીસે હો કે જીપે અરિબલ તેજસ્યું.
વેલે હો કે લેવે વિમલસૂરિ પાસિ,
સેવે હો કે સેવે સંયમ હેજસ્યું જી. ૩.
પામ્યા હો કે પામ્યા વિજય વિમાન,
તિહાંથી હો કે તિહાંથી અભિનંદન થયાજી.
નયરી હો કે નયરી વિનતા નામી,
રાજા હો કે રાજા સંવર સુત થયા જી. ૪.
માતા હો કે માતા સિદ્ધારથ જાણી,
લંછન હો કે લંછન વાનર થિરપણેજી.
વંદન હો કે વંદન શ્રી જિનપાય,
હોયો હો કે હોયો જ્ઞાનવિમલ ભણેજી. ૫.

## થોય

અભિનંદન વંદો, સૌમ્ય માકંદ-કંદો,
નૃપ સંવર નંદો, ઘર્ષિતાશેષ કંદો,
તમ-તિમિર દિણંદો, લંછને વાનરિંદો,
જસ આગલ મંદો, સૌમ્ય ગુણ સારદિંદો. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સુમતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શ્રાવણ સુદી બીજે ચવ્યા, મહેલી ને જયંત,
પંચમ ગતિ દાયક નમું, પંચમ જિન સુમતિ.
સુદી વૈશાખની આઠમે, જન્મ્યા તિમ સંજમ,
સુદી નવમી વૈશાખની, નિરુપમ જસ શમ દમ,
ચૈત્ર અગ્યારસ ઊજલી એ, કેવલ પામે દેવ,
શિવ પામ્યા તિણે નવમીએ, નય કહે કરો તસ સેવ. ૧.

### સ્તવન (૧)

સાહિબા સુમતિ જિણંદા, ટાળો ભવ ભવ મુજ ફંદા,
તુજ દરિસણ અતિ આનંદા, તું સમતા રસના કંદા....સાહિબા. ૧.

સુમતિ સુમતિ જબ આવે, તવ કુમતિનો દાવ ન ફાવે,
તુજ સ્વરૂપ જસ ધ્યાવે, તવ આતમ અનુભવ પાવે....સાહિબા. ૨.

તુંહિ જ છે આપ અરૂપી, ધ્યાય કબહુ ભેદે રૂપી,
સહેજે વળી સિદ્ધ સ્વરૂપી, ઈમ જોતાં તું બહુ રૂપી....સાહિબા. ૩.

ઈમ અલગો વિલગો હોવે, કિમ મૂઢ મતી તું જોવે,
જો અનુભવ રૂપે જુવે, તો મોહ તિમિર ને ખોવે....સાહિબા. ૪.

સુમંગલા જેહની માતા, તું પંચમ ગતિનો દાતા.
જ્ઞાન વિમલ પ્રભુ જ્ઞાતા, તું માતા ત્રાતા ભ્રાતા....સાહિબા. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

તુમ હો બહુ ઉપગારી સુમતિ જિન તુમ હો બહુ ઉપગારી,
મેઘ નૃપ નંદન આનંદન, મંગલા માત તુમારી. સુ. ૧

પંચમજિન પંચમી ગતિ દાતા પંચમહાવ્રતધારી,
પંચવિષય વિકાર રહિત જિન, પંચમનાણ વિચારી. સુ. ૨

પ્રભુ તુમ દરિસણ નિશ્ચય કીનો, સેવું સેવા તુમારી,
સુમતિ સુવાસ વસી મન ભીતર, ક્યા કરે કુમતિ બિચારી. સુ. ૩

જયું ઘૃત દૂધ સુવાસ કુસુમ મેં, પ્રીતિ બની એકતારી,
દિલ ભરી દિલ દેખી સાહિબ કો, વિરચે કોણ વિચારી. સુ. ૪

સુરતરુ સુરમણિથી તુમ આણા, અધિક લગી મોહે પ્યારી,
જિણથી દૂરે ગઈ ભવભવકી, દુર્ગતિ અલસે અટારી. સુ. ૫

તીન ભુવન મનમોહન સાહિબ, સેવે સુરનરનારી,
જ્ઞાનવિમલ પ્રભુ ચરણશરણકી, જાઉં મે બલિહારી. સુ. ૬

## થોય

સુમતિ સુમતિ આપે, દુઃખની કોડ઼ી કાપે,
સમુતિ સુજસ વ્યાપે, બોધિનું બીજ આપે,
અવિચલ પદ થાપે, જાપ દીપ પ્રતાપે,
કુમતિ કદહી નાપે, જો પ્રભુ ધ્યાન વ્યાપે. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી પદ્મપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન

નવમા ગ્રૈવેયકથી ચવ્યા, મહા વદિ છઠ દિવસે,
કીર્તિ વદી બારશે જનમ, સુરનર સવિ હરખે,
વદી તેરસ સંજમ ગ્રહે, પદ્મપ્રભુ સ્વામી,
ચૈત્રી પૂનમ કેવલી, વલી શિવગતિ પામી,
મૃગશિર વદી અગ્યારશે એ, રક્તકમલ સમ વાન,
નયવિમલ જિનરાજનું, ધરીએ નિર્મલ ધ્યાન. ૧.

### સ્તવન (૧)

પદ્મપ્રભુ જીન સેવના મેં, પામી પૂરવ પુન્ય હો.
જન્મ સફલ માહરો એ, માનું એ દિન ધન્ય હો. .....૧

વિનંતી નિજ સેવક તણી, અવધારો દીનદયાળ હો,
સેવક જાણી આપણો હવે, મહેર કરો મયાળ હો. .....૨

ચૌ ગઈ મહા કાંતારમાં હું, ભમિયો પાર અપાર હો,
ચરણ શરણ તુજ આવીયો, પ્રભુ તાર તાર કિરતાર હો. .....૩

દુઃષમ આરે જો મિલ્યો તો, ફલ્યો વંછીત કાજ હો,
માનું તરતાં જલનિધિ મેં, પામ્યો સફરી જહાજ હો. .....૪

સેવના દેવના દેવની જે, પામી મેં કૃત પુણ્ય હો,
જન્મ સફળ હું ગણું એ, ગણું જીવિત ધન્ય ધન્ય હો. .....૫

ધન્ય દિવસ ધન્ય તે ઘડીએ, ધન્ય વેળા મુજ એહ જો,
મન વચન કાયા એ કરીને, જો સેવા કરીએ તુજ જો. .....૬

મહેર કરી પ્રભુ માહરી એ, પૂરજો વંછીત આશ જો,
જ્ઞાનવિમલ ગુરૂ શિષ્યને, દેજો તુમ ચરણે વાસજો. .....૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

પદ્મપ્રભ જિનરાયજી રે લાલ, ગુણ અનંત ભગવાન રે વાલ્હેસર મોરા.
અતિશયવંત છે તાહરી રે લાલ, રક્ત કમલ સમ વાન રે. વા. પ. ...૧.
ગગન માપે કોણ અંગુલે રે લાલ, કોણ તોલે કરે મેર રે, વા.
સર્વનદી સિક્તાકણા રે લાલ, કોણ ગ્રહે મૂઠી સમીર રે. વા. પ. ...૨.
કોણ તારુ બાંહ્યે કરી રે લાલ,ચરમ જલધી લહે તીર રે, વા.
સવિ જલઠામના બિંદુઆ રે લાલ, તારા ગણિત ગંભીર રે. વા. પ. ...૩.
એહ અસંખ માંહે રહ્યા રે લાલ, પ્રભુ તુમ ગુણ છે અનંત રે, વા.
સમરથ કેમ ગણવા હોઈ રે લાલ, યદ્યપિ મોહનો અંત રે. વા. પ. ...૪.
તેજ પ્રતાપે આગલા રે લાલ, ગિરૂઆ ને ગુણવંત રે. વા.
શ્રી જ્ઞાનવિમલ ભાવે કરી રે લાલ, તું શિવસુંદરી કંત રે. વા. પ. ...પ.

## થોય

પદ્મપ્રભુ સોહાવે, ચિત્તમાં નિત્ય આવે,
મુગતિ વધુ મનાવે, રક્ત તનુ કાંતિ ફાવે,
દુઃખ નિકટ નાવે, સંતતિ સૌખ્ય પાવે,
પ્રભુ ગુણગણ ધ્યાવે, અષ્ટ મહાસિદ્ધિ થાવે. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

છઠ્ઠા ગ્રૈવેયકથી ચવી, જિનરાજ સુપાસ,
ભાદરવા વદિ આઠમે, અવતરિયા ખાસ,
જેઠ શુક્લ બારસે જણ્યા, તસ તેરસે સંજમ,
ફાગણ વદી છટ્ઠે કેવલી, શિવ લહે તસ સત્તમી,
સત્તમ જિનવર નામથી એ, સાત ઈતિ શમંત,
જ્ઞાનવિમલસૂરિ નિત રહે, તેજ પ્રતાપ મહંત. ૧.

### સ્તવન

સાહિબ સ્વામિ સુપાર્શ્વજિણંદા, સુનજર કરીને નિરખો રે.
હિત હિયડે હેજાલુ હરખે, સેવક સુપરે પરખે રે. સા. ૧.
એ કાયા જાય પરભવમાં, વાર અનંતી વિલસી રે.
તુજ ભક્તિ જોડી નહિ ભાવે, તો થઈ અવકર સરસી રે. સા. ૨.
ભક્તિ તણા અનુબંધ પ્રભાવે, જે થઈ ઉજમાળી રે,
અક્ષય થયે અવગાહના રૂપે, તેહ જ તુજ ગુણ ભાલી રે. સા. ૩.
તેણે હેતે કરી આપ સમાની, એ સંબંધે જાણું રે,
એહનો ગુણ બહુ લેખે લાગો, જો તુમ ધ્યાને આણું રે. સા. ૪.
જોડયો નેહ ન તોડે કબહી, એહ ઉત્તમની વાતે રે,
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પસાયે, કાલ ન જાણ્યો જાતે રે. સા. ૫.

### થોય

ફલે કામિત આશ, નામથી દુઃખ નાશ,
મહિમ મહિમ પ્રકાશ, સાતમા શ્રી સુપાસ,
સુરનર જસ દાસ, સંપદાનો નિવાસ,
ગાય ભવિ ગુણ રાસ, જેહના ધરી ઉલ્લાસ. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન

ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ સમ દેહ,
અવતરીયા વિજયંતથી, વદી પંચમી ચૈત્ર,
પોષ વદિ બારસ જનમીયા, તસ તેરસે સાધ,
ફાગણ વદિની સાતમે, કેવલ નિરાબાધ,
ભાદ્રવ સાતમ શિવ લહ્યા એ, પૂરી પૂરણ ધ્યાન,
અટ્ઠ મહાસિદ્ધિ સંપજે, નય કહે જિન અભિધાન. ૧.

### સ્તવન

શ્રી ચંદ્રપ્રભ સાહિબા રે, ચંદ્રકિરણ સમ દેહ મનરા માન્યા,
નિત્ય ઉદય નિષ્કલંક તું રે, અનોપમ અચરિજ એહ. મન. ૧
આવો આવો હો સુજાણ, કેતાં કીજે હો વખાણ,
તું તો ત્રિભુવન ભાસન ભાણ. મનરા.આંકણી.
તુમ સમ ગણના કારણે રે, જે રેખા પ્રથમ સુચંગ. મન.
તે આકાશે નીપની રે, ત્રિભુવન પાવન ગંગ, મન. ૨
અવર ન કો તુમ સારીખો રે, છોડયો ખટિકા ખંડ, મન
તે કૈલાસ રૂપા સમો રે, મહિયલ માંહે અખંડ, મન. ૩
તારા ગુણ તુમમાં રહ્યા રે, એહ ગુણ નહિ પર પાસ, મન
તેણે હેતે કરી જાણીએ રે, ત્રિભુવન તાહરો દાસ. મન. ૪
દોષાકર તુમ પદ રહ્યો રે, સેવા સારે ખાસ. મન
દોષરહિત તનુ તાહરું રે, જ્ઞાનવિમલ સુપ્રકાશ. મન. ૫

### થોય

શુભ નરગતિ પામી, ઉદ્યમે ધર્મ પામી,
જીન નમો શિર નામી, ચંદ્રપ્રભ નામ સ્વામી,
મુજ અંતરજામી, જેહમાં નહિય ખામી.
શિવગતિ વરગામી, સેવના પુણ્યે પામી. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સુવિધિનાથનું ચૈત્યવંદન

ગોરા સુવિધિ જિણંદ, નામ બીજું પુષ્પદંત,
ફાગણ વદિ નોમે ચવ્યા, મહેલી સુર આનત,
મૃગશિર વદિ પંચમી જણ્યા, તસ છટ્ઠે દીક્ષા,
કાતિ સુદી ત્રીજે કેવલી, દીએ બહુ પરે શિક્ષા,
સુદિ નવમી ભાદ્રવા તણી એ, અજર અમર પદ હોય,
ધીરવિમલ સેવક કહે, એ નમતા સુખ હોય. ૧.

### સ્તવન (૧)

સુવિધિ જિણંદ સોહામણા અરિહંતાજી, સુવિધિતણા ભંડાર ભગવંતાજી.
પ્રેમ ધરીને પ્રાહુણા અરિ., મનમંદિર પાઉં ધાર. ભગ. ૧.
જ્ઞાનદિપક તે ઝલહલે અરિ., સમક્તિ તોરણમાલ ભગ.
ચારિત્ર ચંદ્રોદય ભલો અરિ. ગુણમુક્તા ઝાકઝમાલ. ભગ. ૨.
મૈત્રી ભાવ સિંહાસને અરિ. તકિયા પરમુખપક્ષ. ભગ.
મુદિતા પરમ બિછાવણા અરિ., ઈત્યાદિક ગુણલક્ષ. ભગ. ૩.
ઈહાં આવીને બેસીએ અરિ. તુમ ચરિત્રના ગીત. ભગ.
ગાવે મુજ તનુ કામિની અરિ. આણિ અવિહડ પ્રીત. ભગ. ૪.
અરજ સુણીને આવીયા અરિ. સાહિબ મનઘર માંહિ. ભગ.
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી અરિ. પ્રગટે અધિક ઉચ્છાંહિ. ભગ. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

પુષ્કર દ્વીપે પૂર્વ વિદેહે રે, પુષ્કલ વિજયા ઋદ્ધિ અછેહ રે,
નયરી પુંડરીકિણી કેરો ભૂપ રે, પદ્મોત્તર નામે અતિ રૂપ રે. ૧.

જગનંદન પાસે ગુરૂદીક્ષા રે, લેઈ સાધે બહુવિધ દીક્ષા રે,
જનપદ બાંધે થાનક આરાધે રે, આનત કલ્પે સુરસુખ સાંધે રે. ૨.

કાકંદી નગરીનો રાય રે, સુગ્રીવ ભૂપતિ રામા માય રે,
ઉજ્વલવરણી અનોપમ કાય રે, સુવિધિ થયાથી સુવિધિ કહાય રે. ૩.

પુષ્પદંત તસ બીજું નામ રે, લંછન મકર રહ્યો શુભ ઠામ રે,
નવમો જિનવર નવનિધિ આપે રે, સમકિત શુદ્ધ સુવાસન થાપે રે. ૪.

અશુભ નિયાણાં નવનવિ આવે રે, જો તુમ શાસન મનમાં ધ્યાવે રે,
જ્ઞાનવિમલ ગુણ દિનદિન દીપે રે, દુરિત ઉપદ્રવ દુશ્મન જીપે રે. ૫.

## થોય

સુવિધિ જિન ભદંત, નામ વલી પુષ્પદંત,
સુમતિ તરુણી કંત, સંતથી જેહ સંત,
કિયો કર્મ દુરંત, લરકી લીલા વરંત,
ભવજલધિ તરંત, તે નમીજે મહંત. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી શીતલનાથ પ્રભુનું ચૈત્યવંદન

પ્રાણત કલ્પ થકી ચવ્યા, શીતલ જિન દશમા,
વદિ વૈશાખની છટ્ઠે જાણ, દાહજવર પ્રશમ્યા,
વદિ પોષ ચઉદશ દિને, કેવલી પરસિદ્ધ
જ્ઞાનવિમલ જિનરાજથી, સીઝે સઘળા કાજ. ૧.

### સ્તવન (૧)

સુગુણ સોભાગી સાહિબા રે, શ્રી શીતલ જિનરાયા.
પ્રહ સમે પ્રેમે પેખતાં, સવિ વાંછિત પાયા. ૧.
સુર ઘટ સુરમણી સુરગવી, સહેજે કરી આયા,
નામ તમારું ધ્યાવતાં રે, મિથ્યાત્વ ગમાયા. ૨.
વંદન-પૂજન ગુણ થુણે, થઈ પાવન કાયા,
દઢરથ નૃપ કુલ દિનમણી, નંદા માતા જાયા. ૩.
એહી જ સિદ્ધનું બીજ છે, એ સમક્તિ છાયા,
તુમ આણા રૂચિએ વર્તવું, નહિં દંભને માયા. ૪.
શ્રી વત્સ લંછન સોહીએ, કંચનવાન કાયા,
જ્ઞાનવિમલ પ્રભુ ગુણ ઘણાં, ભવિ ભાવે ગાયા. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

શીતલ જિનવર સાહિબ સુંદરુ સવિ સુખકારક દેવ દયાલા,
પૂરણ પ્રેમ ધરીને જેહની, સારેસુરનર સેવ મયાલા. શીતલ.૧.

મોહનગારી મૂરતિ તાહરી, સૂરતિ અતિસુખકાર સોહાવે,
જનમન વાંછિત પૂરણી પૂરવા, સુરતરુ સમ અવતાર કહાવે. શીતલ.૨.

નયન સુકોમલ અમીયકચોલડાં, ઉપશમરસને ઉછાંહિ જિનસેર,
સમકિત તરુવર જે તેં સિંચીઓ, પસર્યો મુજ મનમાંહિ વાલ્હેસર. શીતલ.૩.

દઢરથ નંદન ચંદનની પરે, ટાળે ભવદુઃખ તાપ ભવિનો,
દુર્મતિ દોહગ દુર્ગતિને હણે, પ્રભુ તુમ નામનો જાપ સલૂણો. શીતલ.૪.

શ્રી વત્સ લાંછન કંચન સમ તનુ, નંદામાત મલ્હાર કહીજે,
એક લાખ પૂરવ વરસનું આઉખું, ભદ્દિલપુર અવતાર ભણીજે. શીતલ.૫.

શીતલ પીતલ પરે નહીં પ્રીતડી, સોવન પરે ખરી સ્વામિ અમારે,
ખાઈક દરિસણ કેવલ દેયતાં, કહો કિસ્યો બેસે છે દામ તુમારે. શીતલ.૬.

સેવક જાણીને પ્રભુ દીજીએ, તુમ પદપંકજ સેવ સદાઈ,
ધીરવિમલ કવિ સેવક નય કહે, જિન દરિસણે નિતમેવ ભલાઈ. શીતલ.૭.

## થોય

સુણ શીતલદેવા, વાલહી તુજ સેવા,
જેમ ગજમન રેવા, તું હિ દેવાધિદેવા,
પર આણ વહેવા, શર્મ છે નિત્ય મેવા,
સુખ સુગતિ લહેવા, હેતુ દુઃખ ખપેવા. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન

અચ્યુત કલ્પ થકી ચવ્યા, શ્રી શ્રેયાંસ જિણંદ.
જેઠ અંધારી દિવસ છઠ્ઠે, કરત બહુ આનંદ.
ફાગણ વદિ બારશે જન્મ, દીક્ષા તસ તેરસ,
કેવલી મહા અમાવસી, દેશન ચંદનારસ.
વદિ શ્રાવણ ત્રીજે લહ્યા એ, શિવસુખ અખય અનંત.
સકલ સમીહિતિ પૂરણો, નય કહે એ ભગવંત ૧.

### સ્તવન

શ્રી શ્રેયાંસ જિનેસરૂં, સેવકની હો કરજો સંભાળ તો,
રખે વિસારી મૂકતા હો, મોટા હો જગે દીન દયાળ તો.....૧.
મુજ સરીખા છે તાહરે, સેવકની હો બહુ કોડાકોડ તો,
પણ સુનજરે નિરખિયો, કિમ દીજે હો પ્રભુ તેહને છોડતો.....૨.
મુજને હેજ છે અતિ ઘણું, પ્રભુ તુમથી હો જાણું નિરધાર તો,
તો તું નિપટ નિરાગીઓ, હું રાગી હો એ વચન વિચાર તો.....૩.
વળી ન્હાનુ મન માહરું, હું તો રાખું હો તુમને માંહિ તો,
હું રાગી પ્રભુ તાહરો, એકાંગી હો ગ્રહીયે પ્રભુ બાંહિ તો.....૪.
નિગુણો નવિ ઉવેખીયે, પોતાવટ હો ઈમ ન હોય સ્વામિ તો,
જ્ઞાનવિમલ પ્રભુ શું કરો, વિણ અંતર હો સેવક એક તાન તો.....૫.

### થોય

સવિ જિન અવતંસ, જામ ઈક્ખાગ વંશ,
વિજિત મદન - કંસ, શુદ્ધ ચારિત્ર હંસ,
કૃત ભય વિધ્વંસ, તીર્થનાથ શ્રેયાંસ,
વૃષભ કકુદ અંશ, તે નમું પુણ્ય અંશ.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી વાસુપૂજ્ય સ્વામિનું ચૈત્યવંદન

પ્રાણતથી ઈહાં આવિયા, જયેષ્ઠ સુદિ નવમી,
જનમ્યા ફાગણ ચૌદશી, અમાવાસી સંજમી,
મહા સુદિ બીજે કેવલી, ચૌદશ અષાઢી,
સુદિ શિવ પામ્યા કર્મ કષ્ટ, સવિ દૂરે કાઢી,
વાસુપૂજ્ય જિન બારમા એ, વિદ્રુમ રંગે કાય,
શ્રી નયવિમલ કહે ઈસ્યું, જિન નમતાં સુખ થાય. ૧.

### સ્તવન (૧)

શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી, નંદન ગુણમણિ ધામ.
વાસુપૂજ્ય જિન રાજિયોજી, અતિશય રત્ન નિધાન.
પ્રભુ ! ચિત્ત ધરીને અવધારો મુજ વાત.....૧.

દોષ સયલ મુજમાં સહોજી, સ્વામી કરી સુપસાય,
તુમ ચરણે હું આવીયોજી, મહેર કરો મહારાય. પ્રભુ. ૨.

કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિને અસદાચાર,
તે મુજને આવી મલ્યાજી, અનંત અનંતીવાર. પ્રભુ. ૩.

જબ મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર,
પુણ્યે પ્રગટે શુભ દશાજી, આવ્યો તુમ હજૂર. પ્રભુ. ૪.

જ્ઞાન વિમલ પ્રભુ જાણનેજી, શું કહેવું બહુ વાર,
દાસ આશ પૂરણ કરોજી, આપો સમકિત સાર. પ્રભુ. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

પુષ્કર પૂર્વે વિદેહમાં, વિજયા પુષ્કલાવતી નામ રે.
રત્નસંચયપુરી દીપતી, અલકા ઉપમાની રે.
શ્રી વાસુપૂજ્ય જિનવંદીએ... ૧

નૃપતિ પદ્મોત્તર ગુણનિલો, લેઈ સંયમભાર રે.
શ્રી વજ્રનાભિ મુનિવર કન્હે, બાંધ્યો જિનપદ સાર રે. શ્રી વાસુ. ૨

સાતમે કલ્પે સુર થયા, તિહાં થકી ઈહાં અવતાર રે,
ચંપાનયરી વસુપૂજ્ય નૃપ, તાત જયાદેવી મલ્હાર રે. શ્રી વાસુ. ૩.

અરૂણ દિનકર સમ દેહ રે, વાંન છે મહિષ નો અંક રે,
બારમો જિનવર જાણીએ, વંશ ઈક્ષ્વાકુ નિકલંક રે. શ્રી વાસુ. ૪.

સાર છે એહ સંસારમાં, કીજીએ એહની સેવ રે,
ભાવસું ભવિક ને હિત કરે, જ્ઞાનવિમલ નીતુમેવ રે. શ્રી વાસુ. ૫.

## થોય

વસુદેવ નૃપ તાત, શ્રી જયાદેવી માત,
અરુણ કમલ ગાત, મહિષ લંછન વિખ્યાત,
જસ ગુણ અવદાત, શીત જાણે નિવાત,
હોય નિત સુખ-સાત, ધ્યાવતા દિવસ-રાત

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી વિમલનાથ પ્રભુનું ચૈત્યવંદન

અહ્રમ કલ્પ થકી ચવ્યા, માધવ સુદિ બારસ,
સુદિ મહા ત્રીજે જણ્યા, તસ ચોથો વ્રત રસ,
સુદિ પોષ છઠ્ઠે લહ્યા, વર નિર્મલ કેવલ.
વદિ સાતમ અષાઢની, પામ્યા પદ અવિચલ,
વિમલ જિનેસર વંદીએ, એ જ્ઞાનવિમલ કરી ચિત્ત,
તેરસમો જિન નિત દીએ, પુણ્ય પરિમલ વિત્ત. ૧.

### સ્તવન (૧)

વિમલ જિનેશ્વર જગતનો પ્યારો, જીવન પ્રાણ આધાર હમારો,
સાહિબા મોહે વિમલ જિણંદા, મોહના સમ સુરતરું કંદા.. સાહિબા. ૧.
સાત રાજ અલગો જઈ વસીયો, પણ મુજ ભક્તિ તણો છે રસિયો. સાહિબા. ૨.
મુજ ચિત્ત અંતર કયું હરિ જાસિ, સેવક સુખીયો પ્રભુ શાબાશી. સાહિબા. ૩.
આળસ કરશો જો સુખ દેવા, તો કુણ કરશે તુમારી સેવા. સાહિબા. ૪.
મોહાદિક પ્રભુ દલથી ઉગારો, જન્મ જરા ના દુઃખ નિવારો. સાહિબા. ૫.
સેવક દુઃખ જો સ્વામી ન ભંજે, પૂરવ પાતક નહિ મુજ મંજે. સાહિબા. ૬.
તે કુણ બીજો આશા પૂરે, સાહિબ કાંઈ ઈચ્છિત પૂરે. સાહિબા. ૭.
જ્ઞાનવિમલ સૂરિ જિન ગુણ ગાવે, સહેજે સમકિત બહુ ગુણ પાવે. સાહિબા. ૮.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

મેરો તુંહિ ધની હો, વિમલજિન તુમશું પ્રીતિ બની,
જન્મ જન્મ અબ નિશ્ચય કીનો, મેરો તુંહી ધની. હો વિમલ. ૧.
યા દિનથેં મેં દરિસણ પાયો, તાથે કુમતિ હણી,
અલ્પમતિ મેં તુમ ગુણ ગણતાં, કહેતાં ન જાએ ઘણી. હો વિમલ. ૨.
સકલ લોક મેં સંગત કરતી, તોરી કીરતિકની,
જ્યું સુરપતિ મંદરગિરિ પૂજતે, તેસે શોભ બની. હો વિમલ. ૩.
હરિહર બ્રહ્મ પુરંદરકું કહે, મૂરખ દેવ દની,
રાગદ્વેષ મદ મોહે દેખ્યા, (ના) કુમતિ કલા કફની. હો વિમલ. ૪.
વારે વારે વિનંતી કરું ઈતની, પ્રભુ પદવી દ્યો અપની,
જ્ઞાનવિમલ પ્રભુ નિત ગુણ ગાવે, સમકિત રયણ ખની. હો વિમલ. ૫.

## થોય

વિમલ વિમલ ભાવે, વંદતા દુઃખ જાવે,
નવનિધિ ઘર આવે, વિશ્વમાં માન પાવે,
સુઅર લંછન કહાવે, ભોમિ ભર ખેદ થાવે,
મુનિ વિનતિ જણાવે, સ્વામીનું ધ્યાન ધ્યાવે.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અનંતનાથ પ્રભુનું ચૈત્યવંદન

પ્રાણત થકી ચવિયા ઈહાં, શ્રાવણ વદિ સાતમ,
વૈશાખ વદિ તેરસી, જન્મ્યા ચઉદસ વ્રત,
વદિ વૈશાખ ચઉદશી, કેવલ પૂણ્ય પામ્યા,
ચૈત્ર સુદિ પંચમી દિને, શિવ વનિતા કામ્યા,
અનંત જિનેશ્વર ચઉદમા એ, કીધા દુશ્મન અંત,
જ્ઞાન વિમલ કહે નામથી, તેજપ્રતાપ અનંત. ૧.

### સ્તવન (૧)

અનંત જિનરાજના ચરણની સેવના પાવના ભાવના ચિત્ત સુહાવે,
જુગતિશ્યું જગતમેં જતનથી જોયતાં અવર ઉપમાન કહો કોણ આવે.અનંત. ૧

સંત નવિ અંત તુજ ગુણ તણો કો લહે નવિ વહે એહવો ગર્વ કોઈ,
સકલ રૂપે કરી વચન ગોચર થકી યદ્યપિ મોહનો અંત હોય.અનંત. ૨

વસ્તુ ઉપમાન સવિ રૂપથી ભાખીએ, તું અરૂપી કહો કિમ મવીજે,
ધ્યાન સાપેક્ષ સાલંબને ધ્યાઈએ તું નિરાલંબ નિરપેક્ષ કહીજે.અનંત. ૩

વિધિ તણી સેવના અવિધિ અણ સેવના, એહ તુઝ આણ નિર્ધાર લહીએ,
જે નિરાસંસ આસંસ સમમિચ્છિએ, મોક્ષ સંસારનું હેતુ કહીએ.અનંત. ૪

સિંહ સેનાંગજો શ્યેન લાંછન ધરો, માત સુયશાતણો તું મલ્હારો,
જ્ઞાનવિમલાદિ ગુણઉદય અવિચલપણે, તો હુવે જો દિલે દાસ ધારો.અનંત. ૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

અનંત જિણંદશું રે કીધો અવિહડ નેહ,
ખિણખિણ સાંભળે રે જિમ ચાતક મન મેહ,
તે તો સ્વારથી રે આ પરમારથ હોય,
અનુભવ લીલમાં રે, લીણ્યો ભેદ ન હોય. અનંત. ૧.

સહજ સ્વભાવથી રે સહુના છો રે આધાર,
કિમ કરી પામીએ રે મોટા દિલતણો પાર,
પણ એક આશરો રે પામ્યો છે નિરધાર,
સુનજરે જોયતાં રે કીધા બહુ ઉપગાર. અનંત. ૨.

જિન ગુણ તાહરા રે લખીઆ કિમહિ ન જાય,
ભવને ભવાંતરે રે પાઠે પણ ન કહાય,
આતમ દર્પણે રે પ્રતિબિંબ્યા સવિ તેહ,
ભક્તિ પ્રભાવથી રે અચરિજ મોટું છે એહ. અનંત. ૩.

કે કોઈ હાણિ છે રે કે કોઈ બેસે છે દામ,
એક ગુણ તાહરો રે દેતાં કહું કિશું સ્વામિ,
ખોટ ન તાહરે રે થાશે સેવક કામ,
યશ તુમ વાધસ્યે રે એક ક્રિયા દોઈ કામ. અનંત. ૪.

અરજ સુણી કરી રે સુપ્રસન્ન્ થઈ હવે સ્વામિ,
એક ગુણ આપીઓ રે નિર્મલ તત્ત્વ શ્રદ્ધાન,
શક્તિ સ્વભાવથી રે નાઠા દુશ્મન દૂરી,
વાંછિત નીપજ્યા રે ઈમ કહે જ્ઞાનવિમલસૂરી. અનંત. ૫.

## થોય

અનંત જિન નમીજે, કર્મની કોટી છીજે,
શિવસુખ ફલ લીજે, સિદ્ધિ લીલા વરીજે,
બોધિબીજ મોય દીજે, એટલું કામ કીજે,
મુજ મન અતિ રીઝે, સ્વામિનું કાર્ય સીઝે.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ધર્મનાથ પ્રભુનું ચૈત્યવંદન

વૈશાખ સુદિ સાતમે, ચવિયા શ્રી ધર્મ,
વિજય થકી માહા માસની, સુદિ ત્રીજે જન્મ,
તેરસ માંહે ઊજલી, લીએ સંજમ ભાર.
પોષી પૂનમે કેવલી, ગુણના ભંડાર.
જેઠી પાંચમે ઊજલી એ, શિવપદ પામ્યા જેહ,
નય કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મસનેહ. ૧.

### સ્તવન (૧)

ધર્મ જિનેસર દરિશન પાયો, પ્રબલ પુણ્યે આજ રે,
માનુ ભવજલ રાશિ તરવા, મળ્યું જંગી જહાજ રે. ધર્મ. ૧.

સુકૃત સુરતરૂ સ્હેજે ફળીયો, દુરિત ટળીયો વેગે રે,
ભુવન પાવન સ્વામી મળીયો, ટળીયો સકલ ઉદ્વેગ રે. ધર્મ. ૨.

નામ સમરૂં રાત-દિહાં, પવિત્ર જિવ્હા હોય રે,
ફરી ફરી મુજ એહ ઈહા, નેહ નયણે જોય રે. ધર્મ. ૩.

તું હી માતા તું હી ત્રાતા, તું હી ભ્રાતા સયણ રે,
તું હી સુરતરૂં તું હી સદ્ગુરુ, નિસુણો સેવક વયણ રે. ધર્મ. ૪.

આપ વિલાસો સુખ અનંતા, રહ્યા દુઃખથી દૂર રે,
એણી પેરે કિમ શોભા લેશો, કરો દાસ હજૂર રે. ધર્મ. ૫.

એમ વિચારી ચરણ સેવા, દાસ ને દ્યો દેવ રે,
જ્ઞાનવિમલ જિણંદ ધ્યાને, પામે સુખ નિત્યમેવ રે. ધર્મ. ૬.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

દેખો માઈ અજબ રૂપ હે તેરો, નેહ નયન સેં નિતુ નિરખતાં
જનમ સફલ ભયો મેરો. દેખો. ૧.

ધર્મ જિનેશ્વર ધર્મનો ધોરી, ત્રિભુવન માંહે વડેરો,
તારક દેવ ન દેખ્યો ભૂતલે, તુમથી કોઈ અનેરો. દેખો. ૨.

જિન તુમકું છોડી ઓરકું ધ્યાવત, કુન પકડત તસ છેરો,
જ્યું કુર્કુટ રોહણગિરિ છંડી, શોધિત દે ઉકેરો. દેખો. ૩.

પ્રભુ સેવાથી ક્ષાયિક સમકિત, સંગ લહ્યો અબ તેરો.
જન્મ જરા મરણાદિક ભ્રમણા, વારત ભવભય ફેરો. દેખો. ૪.

ભાનુભૂપકુલ કમલ વિબોધન, તરણિ પ્રતાપ ઘણેરો,
જ્ઞાનવિમલ પ્રભુ ચરણ કમલકી, સેવા હોત સવેરો. દેખો. ૫.

## થોય

ધરમ જિનપતિ નો, ધ્યાન રસ માંહે ભીનો,
વર રમણ શચીનો, જેહને વર્ણ લીનો.
ત્રિભુવન સુખ કીનો, લંછને વજ્ર દીનો,
નવિ હોય તે દીનો,જેહને તું વસીનો. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

ભાદ્રવા વદિ સાતમ દિને, સવ્વટ્ઠથી ચવિયા,
વદિ તેરશે જેઠે જણ્યા, દુઃખ દોહગ સમીયા,
જેઠ ચઉદિસ વદિ દિને, લીએ સંજમ પ્રેમ,
કેવલ ઉજ્જવલ પોષની, નવમી દિને ખેમ,
પંચમ ચક્રી પરવડા એ, સોલમા શ્રી જિનરાજ.
જેઠ વદિ તેરશે શિવ લહ્યા, નય કહે સારો કાજ. ૧.

### સ્તવન (૧)

તાર મુજ તાર મુજ તાર જિનરાજ તુ આજ મેં તોહિદેદાર પાયો,
સકલ સંપત્તિ મિલ્યો આજ શુભ દિન વલ્યો, સુરમણિ આજ અણચિંત આયો. ૧.
તાહરી આણ હું શેષ પરે શિર વહું, નિર વહું ભવ ભવે ચિત્ત શુદ્ધે
ભમતાં ભવકાનને સુરતરૂની પરે, તું પ્રભુ ઓળખ્યો દેવ બુદ્ધે. ૨.
અથિરને સંસારમાં સાર તુજ સેવના, દેવના દેવ તુજ સેવ સારે,
શત્રુને મિત્ર સમ ભાવે, બેહુ ગણે, ભક્ત વત્સલ સદા બિરૂદ ધારે. ૩.
તાહરા ચિત્તમાં દાસ બુદ્ધે સદા, હું વસુ એહવી વાત દૂરે,
પણ મુજ ચિત્તમાં તુંહિ જો નિત વસે, તો કિશું કીજિયે મોહ ચોરે. ૪.
તું કૃપાકુંભ ગતદંભ ભગવંત તું, સકલ ભવિલોકને સિદ્ધિ દાતા,
ત્રાણ મુજ પ્રાણ મુજ શરણ આધાર તું, તું સખા માત ને તાત ભ્રાતા. ૫.
આતમરામ અભિરામ અભિદાન તુજ, સમરતાં દાસનાં દુરિત જાવે,
તુજ વદન ચંદ્રમા નિશદિન પેખતાં, નયન ચકોર સદા આનંદ પાવે. ૬.
શ્રી વિશ્વસેન કુલ કમલ દિનકર જિસ્યો મન વસ્યો માત અચિરા મલ્હાયો,
શાન્તિ જિનરાજ શિરતાજ દાતારમાં, અભયદાની શિરે જગ સવાયો. ૭.
લાજ જિનરાજ અબ દાસની તો શિરે, અવસરે મોહ શ્યુ મોજ પાવે,
પંડિત રાય કવિ ધીરવિમલ તણો, શિષ્ય ગુણ જ્ઞાનવિમલાદિ ગાવે. ૮.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

તારી ભક્તિ કરૂં ભગવાન, છોડું નહિં એક ઘડી,
ત્યારે પામીશ પદ વિતરાગ, માનું મારી ધન્ય ઘડી.
તમે અમે રમતા સાથે સહી, મારી પ્રીત પુરાણી પાળી નહિં,
તમે લીધું મોક્ષ સામ્રાજ્ય. છોડું નહિં. ....૧.
જીતી કર્મ સેના તમે વીર થયા, મારા આતમ દેવ ફસાઈ ગયા.
હવે કેમ કરી લઉં સામ્રાજ્ય. છોડું નહિ. ....૨.
મારા ઘરમાં અંધારું છવાઈ ગયું, મારૂં આતમ ભાન ભૂલાઈ ગયું.
મારી લાજ રાખો પ્રભુ આજ, છોડું નહિ. ....૩.
મેં દાન તો દીધું નહિં, મેં શીયલ પણ પાળ્યું નહિં.
દુઃખી થઈછે દશા મારી, છોડું નહિ. ....૪.
આત્મ ધર્મની ભાવના ભૂલાઈ ગઈ, જડ રાગ રગોમાં રાચી રહ્યાં,
મારી શી ગતિ થાશે ભગવાન, છોડું નહિં. ....૫.
શાન્તિનાથ પ્રભુ મને શાન્તિ આપો, મારા ભવનાં બંધનો બધાં કાપો.
આપો આત્મ ધર્મની જહાજ, છોડું નહિં. ....૬.
દીનબંધુ દયાળુ દયા કરો, મુજ પાપી અધમનો ઉદ્ધાર કરો,
સ્વામી મારા છો શીરતાજ, છોડું નહિં. ....૭.
તારા શરણે આવેલાને તારી દીધાં, તેના બગડેલાં કાર્ય સુધારી દીધાં,
શાસન સરશે મારાં કાજ, છોડું નહિં. ....૮.
સુવર્ણ શાસન સંઘ અખંડ મલો, મારા ભવો ભવનાં પાતિક દૂર કરો,
જ્ઞાનવિમલ ગુણ ગાય, છોડું નહિં. ....૯.

## થોય

જિનપતિ જયકારી, પંચમે ચક્રધારી,
ત્રિભુવન સુખકારી, સપ્ત ભય ઈતિ વારી,
સહસ ચઉસઠ નારી, ચઉદ રત્નાધિકારી.
જિન શાંતિ જિતારી, મોહ હસ્તિ મૃગારિ. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી કુંથુનાથ પ્રભુનું ચૈત્યવંદન

શ્રાવણ વદિ નવમી દિને, સવ્વટ્ઠથી ચવિયા,
વદિ ચઉદસ વૈશાખની, જિન કુંથુ જણીયા,
વદિ પંચમી વૈશાખની, લીએ સંયમ ભાર,
સુદિ ત્રીજે ચૈત્ર તણી, લહે કેવલ સાર,
પડવા દિને વૈશાખની એ, પામ્યા અવિચલ ઠાણ
છટ્ઠા ચક્રી જયકરુ, જ્ઞાનવિમલ સુખખાણ. ૧.

### સ્તવન

કુંથુજિણંદ સદા મન વસીયો, તું તો દૂર જઈ પ્રભુ વસીયો,
સાહિબા રંગીલા હમારા મોહના શિવસંગી.
છટ્ઠો ચક્રી ષટખંડ સાધે, અભ્યંતર જેમ ષટરિપુ બાંધે. સા. ૧.

ત્રિપદી ત્રિપથ ગંગાઉપકંઠે, નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ ઉત્કંઠે. સા.
કોઈ અજેય રહ્યો નહિ દેશ, તેમ કોઈ ન રહ્યા કર્મનિવેશ. સા. ૨.

ધર્મચક્રવર્તિ પદવી પામી, એ પ્રભુ મહારો અંતરજામી, સા.
સત્તર ભેદ શું સંયમ પાલી, સત્તર મે જિન મુગતિ સંભાલી. સા. ૩.

તેહને ધ્યાને જો નિતુ રહીએ, જો તેહની આણા નિરવહીએ, સા.
તો ક્ષાયિક ભાવે ગુણ આવે, સાહિબ સેવક ભેદ ન પાવે. સા. ૪.

વારંવાર સુપુરુષને કહેવું, તે તો ભરીયા ઉપર વહેવું, સા.
જ્ઞાનવિમલ ભાવે કરી જોવે, તો સેવક મનવંછિત હોવે. સા. ૫.

### થોય

જિનકુંથુ દયાલા, છાગ લંછન સુહાલા,
જસ ગુણ શુભ માલા, કંઠે પહેરો વિશાલા,
નમત ભવિ ત્રિકાલા, મંડાલ શ્રેણી માલા,
ત્રિભુવન તેજાલા, તાહરે તેજમાલા. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન

સરવારથથી આવિયા, ફાગણ સુદિ (બીજે) ત્રીજે,
મૃગશિર સુદિ દશમી જણ્યા, અરદેવ નમીજે,
મૃગશિર સુદિ એકાદશી, સંજમ આદરિયો,
કાતિ ઉજ્જવલ બારસે, કેવલ ગુણ વરીયો,
સુદિ દશમી મૃગશિર તણીએ, શિવપદ લહે જિનનાથ
સત્તમ ચક્રીને નમું, નય કહે જોડી હાથ. ૧.

### સ્તવન

અરજિનને આરાધતાં સખી, દુરિત ઉપદ્રવ જાય,
આરો ભવજલ રાશિનો સખી, એ દીએ અવિચલ ઠાય. ૧.
મનમોહન સાહિબ ચિત્ત વસ્યો, એ સખી ચિત્ત વશ્યો. (૨)
સીતાને જિમ રામ. મન. આંકણી
સિદ્ધ શિલા સિંહાસને સખી બેઠો અલગો એહ,
પણ પેઠો મુજ ચિત્તમાં, સખી વેગળો ન હોય તેહ. મન. ૨.
કેશરી વનમાં ગુંજતે સખી, ન કરે કોઈ તસ ભંગ.
તિમ મુઝ મનમાં પ્રભુ છતે સખી, નવિ હોઈ કર્મ પ્રસંગ. મન. ૩.
તરણિ કિરણના તેજથી સખી, ન રહે ઘોર અંધાર.
ગરુડ તણા સંક્રમ જિહાં સખી, તિહાં નહિ ભુજંગ પ્રચાર. મન. ૪.
તિમ સાહિબના ધ્યાનથી સખી, નાશે કર્મવિકાર.
જ્ઞાનવિમલ પ્રભુતા તણો સખી, એહ છે અક્ષય ભંડાર. મન. ૫.

### થોય

અરજિનને જુહારું, કર્મનો કલેશ વારું,
અહનિશ સંભારું, તાહરું નામ ધારું,
કૃત જય જયકારું, પ્રાપ્ત સંસાર સારું,
નવિ હોય તે સારું, આપણો આપ તારું. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મલ્લિનાથ પ્રભુનું ચૈત્યવંદન

ચવ્યા જયંત વિમાનથી, ફાગણ સુદિ ચઉથે.
મૃગશિર સુદિ અગ્યારસે, જન્મ્યા નિર્ગ્રંથ,
જ્ઞાન લહ્યા એકણ દિને, કલ્યાણક તીન,
ફાગણ સુદિ બારસે લહે, શિવસદન અદીન,
મલ્લિ જિનેસર નીલડાએ, ઓગણીશમા જિનરાજ,
અણ પરણ્યા અણભૂપદ, ભવજલ તરણ જહાજ. ૧.

### સ્તવન (૧)

પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો, કાપજો મારા ભવોદધિના પાપ રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૧.

વીતરાગ દેવને વંદુ સદા, બાલબ્રહ્મચારી પ્રભુ જગ વિખ્યાત રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૨.

અકલ અચલ ને અમલ તું, કષાય મોહ નથી જેને લવલેશ રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૩.

સર્પ ડસ્યો છે મને ક્રોધનો, રગે રગે વ્યાપ્યું તેનું વિષ રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૪.

માન પત્થર સ્તંભ સરીખો, તેને કીધો મને જડ વાન રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માયા ડાકણ વળગી મને, આપ વિના નહિં કોઈ છોડાવણ હાર રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૬.

લોભ સાગરમાં હું પડયો, ડુબી રહ્યો છું ભવ દુ:ખ અપાર રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૭.

આપ શરણે હવે હું આવીયો, રક્ષણ કરો મારું જગનાથ રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૮.

અર્જ સ્વીકારો આ દાસની, જ્ઞાન વિમલ કહે પ્રભુજી જગ આધાર રે.
દયાળુ દેવા, મલ્લિ જિણંદ. ૯.

## થોય

જિન મલ્લી મહિલા, વાને છે જેહ નીલા,
એ અચરિજ લીલા, સ્ત્રી તણે નામ પીલા,
દુશ્મન સવિ પીલ્યા, સ્વામી જે છે વસીલા,
અવિચલ સુખલીલા, દીજીએ સુણી રંગીલા. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મુનિસુવ્રત સ્વામીનું ચૈત્યવંદન

અપરાજિતથી આવિયા, શ્રાવણ સુદિ પૂનમ,
આઠમ જેઠ અંધારડી, થયો સુવ્રત જનમ,
ફાગણ સુદિ બારસે વ્રત, વદિ બારસે જ્ઞાન
ફાગણની તિમ જેઠ નવમી, કૃષ્ણે નિર્વાણ.
વર્ણ શ્યામ ગુણ ઉજ્જવલા, તિહુયણ કરે પ્રકાશ.
જ્ઞાનવિમલ જિનરાજના, સુરનર નાયક દાસ. ૧.

### સ્તવન (૧)

શ્રી જિનના ગુણ ગાઉં રે, પ્રભુજી જયકારી,
ચરણ કમલને પાઉં રે, જાઉં બલિહારી.
શ્રી મુનિસુવ્રત જિનવર સુખકર, જગબંધવ જગવાહલા,
સુકૃતલતા નવપલ્લવ કરવા, તુજ આણા ધનમાલા રે. પ્રભુજી. ૧.
ઉપકારી શિર શેષ છે તુંહી, ગુણનો પાર ન લહીએ,
લોકોત્તર ગુણ લૌકિક નરથી, કુણ અતિશયથી કહીએ. પ્રભુજી. ૨.
સમકિત સુખડલી લઘુ શિશુને, આપીને પ્રીતિ કરાવી,
કેવલ રયણ દિયા વિણ સાહિબ, કિમ સરશે કહો સમજાવી રે. પ્રભુજી. ૩.
કચ્છપ લંછન વાને અંજનપણે, પાપ પંક સવિ ટાળે,
અચરિજ એહ અદ્‌ભૂત જગમાંહી, ધવલ ધ્યાન અજુઆળે રે. પ્રભુજી. ૪.
વીતરાગપણે લોકતણાં મન, રંજે એ અધિકાઈ,
સુમિત્ર જાત તે યુગતું સહુશ્યું, રાખે જે મિત્રાઈ રે. પ્રભુજી. ૫.
પદ્માનંદનનાં પદવંદન, કરતાં સુરનર કોડી.
કપૂર હીરતણે દેહરાસરે, ભવને ન કો તસ જોડી રે. પ્રભુજી. ૬.
જ્ઞાનવિમલ ગુણની પ્રભુતાઈ, અધિક ઉદય દિલ ધારો,
દરિસનથી દર્શન કરી નિર્મળ, સફળ કરો જનમવારો રે. પ્રભુજી. ૭.

### થોય

મુનિસુવ્રત સ્વામી, હું નમું શીશ નામી,
મુજ અંતરયામી, કામદાતા અકામી,
દુઃખ દોહગ વામી, પુણ્યથી સેવ પામી,
શમ્યા સર્વદા રામી, રાજ્યતા પૂર્ણ પામી. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

આસો સુદિ પૂનમ દિને, પ્રાણતથી આયા,
શ્રાવણ વદિ આઠમ દિને, નમિ જિનવર જાયા,
વદિ નવમી અષાઢની, થયા તિહાં અણગાર,
મૃગશિર સુદિ અગ્યારસે, વર કેવલધાર,
વદિ દશમી વૈશાખની એ, અખય અનંતા સુખ,
નય કહે શ્રી જિન નામથી, નાસે દોહગ દુઃખ. ૧.

### સ્તવન (૧)

જંબુ અપરવિદેહમાં, ભરત વિજયામાંહિ જાણો રે,
સિદ્ધારથ નામે અછે, નયરી કોશંબીનો રાણો રે.
નમો રે નમો નમિનાથને. ૧.

રાજ્ય તજી સંયમ લીએ, સાધુ સુદર્શન પાસે, રે,
જિનપદ બાંધિ સુર થયા, અપરાજિત માંહિ વાસ રે. નમો રે. ૨.

તિહાંથી ચવીને ભરતમાં, મિથિલાપુરીનો નાથ રે
વિજય નૃપતિ વપ્રા પ્રિયા, સુત થયા શ્રી નમિનાથ રે. નમો રે. ૩.

લંછન નીલ કમલ તણું વાને કંચન દીપે રે.
ગર્ભ તણા અનુભાવથી, રાણી દુસમનિ જીપે રે. નમો રે. ૪.

જિનવર એકવીશમો, દુસમનિની કરી દૂરી રે,
જ્ઞાનવિમલ કહે દાસની, આસ સકલ એહ પૂરો રે. નમો રે. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

નમીએ શ્રી નમિનાથને જે શિવસુખદાતા,
નેહ ધરીને અહનિશે જે ભવભય ત્રાતા,
વિજય ભૂપનો બેટડો વપ્રાનો જાયો,
નીલકમલ દલ લંછનો, સુરનરપતિ ગાયો. ૧.

મન મોહ્યું છે માહરું તુજ મૂરતિ દેખી.
સુંદર એહવી કો નહિ તુજ સૂરતિ સરખી.
ઉપશમરસનો કુંડ છે નિરુપમ તુજ નયણાં,
જગજનને હિતકારીઆ, જેહનાં છે વયણાં. ૨.

વદન પ્રસન્નતા અતિ ઘણી નિર્મળતા રાજે,
નિત્ય વિરોધી જીવનાં વયરાદિક ભાજે,
શાસ્ત્રાદિક જેહને નહિ નહિ કામવિકાર,
વાહન પ્રમુખ ન જેહને નહિ દોષ અઢાર. ૩.

પદ્માસન બેઠા થકાં ભવિયણ પડિબોહે,
અનુપમ ગુણ કોઈ એહવો સવિ જગજન મોહે,
વીતરાગ ભાવે મિલ્યા રુધિરાદિક અંગે,
દૂધધાર પરે ઉજલા નિર્મોહ પ્રસંગે. ૪.

સુરભિ ગંધ સવિ અંગના અવયવ મલ જેનાં,
કમળતણા પરિમલ પરે શ્વાસાદિક તેહનાં.
લોકોત્તર ગુણથી લહ્યો લોકોત્તર દેવ,
જ્ઞાનવિમલ ગુણનો ધણી જે તુમને સેવ. ૫.

## થોય

શ્રી નમિનાથ નિરંજન દેવા, કીજે તેહની સેવાજી,
એહ સમાન અવર નહીં દીસે, જિમ મીઠા બહુ મેવાજી,
અહનિશ આતમ માંહી વસિયા, જિમ ગજને મન રેવાજી,
આદર ધરીને પ્રભુ તુમ આણા, શિર ધારું નિત્ય સેવાજી. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

અપરાજિતથી આવિયા, કાતિ વદિ બારસ,
શ્રાવણ સુદિ પંચમી જણ્યા, યાદવ અવતંસ,
શ્રાવણ સુદિ છટ્ઠે સંજમી, આસો અમાવાસ નાણ,
સુદિ અષાઢની આઠમે, શિવસુખ લહે રસાલ,
અરિષ્ટ નેમિ અણ પરણિયા એ, રાજીમતીના કંત,
જ્ઞાનવિમલ ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત. ૧.

### સ્તવન (૧)

રાજીમતી રંગે કહે કાંઈ પ્રીતમજી અવધાર,
મુજરો છે માહરો.
સુણી આધાર, મોહનગાર, જગે સુખકાર, તુઝ દીદાર.
કર મુજ સાર, મુજરો છે માહરો. ટેક.
અણ દીઠે શું મોહીયા, કાંઈ તે તો નવલી નાર. મુ. ૧.
પ્રીતિ કરતાં સોહિલી, કાંઈ નિરવહતાં જંજાળ. મુ.
જિમ વિષ વ્યાલ ખેલાવતાં, કાંઈ વિષમ અગ્નિઝાળ. મુ. ૨.
વિણ પરણ્યે પણ જગે કહે, કાંઈ હું તુમચી નિરધાર. મુ.
નયણે દેખાડી ને વલ્યા, કાંઈ આવી તોરણ બાર. મુ. ૩.
અવર ન કો તુઝ સારીખો, કાંઈ પુરુષ રયણ સંસાર મુ.
તેહ ભણિ નિરવાહીએ, કાંઈ સુણ મુજ હીયડા હાર. મુ. ૪.
હાથ મેલાવો નહિ કર્યો, કાંઈ શિર ઉપર કરો હાથ. મુ.
ધન્ય શિવસુંદરી બહેનડી, કાંઈ જિણે મોહ્યા પ્રાણનાથ. મુ. ૫.
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, કાંઈ જ્યોતિ ઝલામલ તેજ. મુ.
અચલ અભેદે બિહું મિલ્યાં, કાંઈ હળીમળી હીયડા હેજ. મુ. ૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

નેમિ જિણંદ સોહાવે, પ્રભુ અંતરજામી,
નાથ નિરંજન ફાવે, જિન શિવગતિ ગામી. પ્રભુ. ૧.
અણપરિણીતનું બિરૂદ ધરાવે, રાજુલ કંત કહાવે. પ્રભુ. ૨.
શમરસગુણનો સિંધુ કહાવે, દુશ્મન ફોજ ગમાવે. પ્રભુ. ૩.
અકલ અરૂપ લિખ્યો નવિ જાવે, સવિ જીવે દિલમાં લ્યાવે. પ્રભુ. ૪.
શ્યામવરણ પણ ઉજ્વલ ધ્યાવે, સકલ સુરાસુર ગાવે. પ્રભુ. ૫.
જ્ઞાનવિમલ પ્રભુ હૈ લખ લીલા, લય વિના કોઉ ન પાવે. પ્રભુ. ૬.

## થોય

ગયા શસ્ત્રાગારે, શંખ નિજ હાથ ધારે,
કિયો શબ્દ પ્રચારે, વિશ્વ કંપ્યા તિવારે,
હરિ સંશય ધારે, એહની કોઈ સારે,
જિયો નેમ કુમારે, બાલથી બ્રહ્મચારે. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

કૃષ્ણ ચોથ ચૈત્ર તણી, પ્રાણથી આયા,
પોષ વદિ દશમી જનમ, ત્રિભુવન સુખ પાયા
પોષ વદિ અગ્યારસે, લહે મુનિવર પંથ,
કમઠાસુર ઉપસર્ગનો, ટાલ્યો પલીમંથ,
ચૈત્ર કૃષ્ણ ચોથ દિને એ, જ્ઞાનવિમલ ,ગુણનૂર.
શ્રાવણ સુદિ આઠમે લહ્યા, અવિચલ સુખ ભરપૂર. ૧.

### સ્તવન (૧)

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને નાહિ વિસારો,
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો. તું પ્રભુ ૧.
લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો છું શરણે તાહરે હો જિનજી,
દુર્ગતિ કાપો શિવસુખ આપો, સ્વામી સેવક જાણી નિહાળો. તું પ્રભુ ૨.
અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે,
વામાંનદન જગવંદન પ્યારો, દેવ અનેરામાંહે તું છે ન્યારો. તું પ્રભુ ૩.
પલ પલ સમરું પાર્શ્વ શંખેશ્વર, સમરથ તારણ તુંહિ જિનેશ્વર,
પ્રાણ થકી મુજ અધિકો વહાલો, દયા કરી મુજને નેહે નિહાળો. તું પ્રભુ ૪.
ભક્ત વત્સલ તારું બિરુદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી,
ચરણોની સેવા હું નિતનિત ચાહું, ઘડી ઘડી મન માંહે ઉમાહું. તું પ્રભુ ૫.
જ્ઞાનવિમલ તુજ ભક્તિ પ્રભાવે, ભવોભવના સંતાપ શમાવે,
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી, પાપ અંતરના ધો એ પખાલી. તું પ્રભુ ૬.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

જંબુદ્વીપે પોતનપુરમાં, અરવિંદ નામે રાજા રે,
તાસ પુરોહિત વિશ્વભૂતિ દ્વિજ, સુત મરૂભૂતિ ગુણ તાજા રે.
પાસ જિનેસર પુરિષાદાણી.... ૧.

શ્રાવક ધર્મ આરાધે અંતે, કમઠ શિલાતલે ચાંપ્યો,
કુંજર હોય સ્ત્રી તસ વારણ, કરણી મોહે ત્યાં થયો રે. પાસ. ૨.

અરવિંદ રાજઋષિ દેખીને, જાતિ સ્મરણ પામ્યો.
કમઠ કુર્કટ અહિ ડસ્યો તવ, સહસા સુખ કામ્યો રે. પાસ. ૩.

મહાવિદેહે વિદ્યુતગતિ નૃપ, તિલકાવતી તસ રાણી,
કિરણ વેગ સુત સંયમ લેઈ, લહે સુખ અચ્યુત ખાણી રે. પાસ. ૪.

પૂર્વ વિદેહે વિદ્યાધર વર, સંયમ મારગ સાધે.
કમઠ જીવ સિંહે તે હણીયો, ગ્રૈવેયકે સુખ લાધે રે. પાસ. ૫.

સુવર્ણબાહુ ચક્રિ સુવિદેહે, સંયમ જીનપદ બાંધે,
કમઠ જીવ વ્યાધે તે હણીયો, પ્રાણાંતે સુર સુસમાધિ રે. પાસ. ૬.

અશ્વસેન નૃપ વામાનંદન, નયરી વાણારસી જેહની,
નીલવર્ણ અહી લંછન દીપે, આણ વહું હું તેહની રે. પાસ. ૭.

પાર્શ્વ જિનેશ્વર ત્તેવીશમો જીન, જ્ઞાનવિમલ ગુણ ભરીયો,
બાહ્યગ્રહીને સેવકને તારે, અપરંપાર ભવ દરિયો રે. પાસ. ૮.

## થોય

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ,
મનવાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરુ. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

સુદિ અષાઢ છટ્ઠ દિવસે, પ્રાણતથી ચવિયા,
તેરસ ચૈત્ર સુદિ દિને, ત્રિશલાએ જણીયા
મૃગશિર વદિ દશમી દિને, આપે સંયમ આરાધે,
સુદિ દશમી વૈશાખની, વર કેવલ સાધે,
કાતી કૃષ્ણ અમાવસીએ, શિવગતિ કરે ઉદ્યોત,
જ્ઞાનવિમલ ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત. ૧.

### સ્તવન (૧)

વીરજી સુણો એક વિનંતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે.
વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારોને રે.
પરિભ્રમણ મેં અનંતા રે કીધાં, હજુએ ન આવ્યો છેડલો રે.
તમે તો થયા પ્રભુ ! સિદ્ધ નિરંજન.
અમે તો અનંતા ભવ ભમ્યા રે.વીર મને. ૧.
તમે અમે વાર અનંતી વેળા, રમીઆ સંસારીપણે રે,
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો અમને તુમ સમ કરો રે. વીર. ૨
તુમ સમ અમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે.
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે. વીર. ૩
ઈંદ્ર જાળીયો કહેતો રે આવ્યો, ગણધર પદ તેહને દીઓ રે.
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જિન ! તમે ઉદ્ધર્યો રે. વીર. ૪
ચંદનબાળાએ અડદના બાકુલા, પડિલાભ્યા તમને પ્રભુ રે.
તેહને સાહુણી સાચી રે કીધી, શિવવધૂ સાથે ભેળવી રે. વીર. ૫
ચરણે ચંડકોશિયો ડશીઓ, કલ્પ આઠમે તે ગયો રે.
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યો રે. વીર. ૬
નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરીખા ગણો રે.
ભેદભાવ પ્રભુ ! દૂર કરીને, મુજશું રમો એક મેકશું રે. વીર. ૭
મોડા વહેલા પણ તુમ્હી જ તારક, હવે વિલંબ શા કારણે રે.
જ્ઞાન તણા ભવનાં પાપ મિટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે. વીર. ૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

વંદો વીર જિનેસર રાયા, ત્રિશલામાતા જાયાજી,
હરિલંછન કંચનવન કાયા, મુજ મનમંદિર આયાજી. વંદો. ૧.

દુષમ સમયે શાસન જેહનું, શીતલ ચંદન છાયાજી,
જે સેવતાં ભવિજન મધુકર, દિનદિન હોત સવાયાજી. વંદો. ૨.

તે ધન પ્રાણી સદ્ગતિ ખાણી, જસ મનમાં જિન આયાજી.
વંદન પૂજન સેવ ન કીધી, તે કાં જનની જાયાજી. વંદો. ૩.

કર્મ કટક ભેદ ન બલવત્તર, વીર બિરુદ જેણે પાયાજી.
એકલમલ્લ અતુલીબળ અરિહા, દુશ્મન દૂર ગમાયાજી. વંદો. ૪.

વાંછિત પૂરણ સંકટ ચૂરણ, તું માતા-પિતા સહાયાજી.
સિંહપરે ચારિત્ર આરાધી, સુજસ નિશાન બજાયાજી. વંદો. ૫.

ગુણ અનંત ભગવંત વિરાજે, વર્દ્ધમાન જિનરાયાજી.
ધીર વિમલ કવિ સેવક નય કહે, શુદ્ધ સમકિત ગુણદાયાજી. વંદો. ૬.

## થોય

લહ્યો ભવજલતીર, ધર્મ-કોટી હીર,
દૂરિત-રજ સમીર, મોહભૂ સાર સીર,
દૂરિત દહન તીર, મેરુથી અધિક ધીર,
ચરમ શ્રી જિન વીરચરણ કલ્પદ્રુ કીર. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીક ગિરિ સાચો,
વિમલાચલને તીર્થરાજ, જસ મહિમા જાચો,
મુક્તિ નિલય શતકૂટ નામ, પુષ્પદંત ભણીજે.
મહાપદ્મને સહસ્ત્ર પત્ર, ગિરિરાજ કહીજે.
ઈત્યાદિક બહુ ભાતિસું એ, નામ જપો નિરધાર.
ધીરવિમલ કવિરાજનો, શિષ્ય કહે સુખકાર ૧.

### સ્તવન (૧)

અમે નાહ્યા રે (૨) સુરજકુંડમાં નાહ્યા રે.
શ્રી સિદ્ધાચલની ભેટિ ન હોય, ત્યાં લગે ભવ સઘળો એ વાહ્યા રે. અમે. ૧.
તીરથ બહુ અવનીતળે નિરખ્યાં, તે મનમાં ન સુહાયા રે,
નાભિ નરેસર નંદન નિરખત, ધર્મ સકલ આરાહ્યા રે. અમે. ૨.
કોડી અનંત મુનીસર સિધ્યાં, તપ સઘળાએ સરાહ્યા રે,
ભાવસહિત જે ગિરિવર ફરસે, તસ શિવસુખ કર આયા રે. અમે. ૩.
દોય અઠ્ઠમ સાત છઠ્ઠ કરીને, લાખ નવકાર જ ધ્યાયો રે.
ઈણિ પરે વિધિશું શત્રુંજય સેવે, તસ દુઃખ દુરિત ગમાયો રે. અમે. ૪.
જે નર શ્રી રિસહેસર ભેટે, ધન્ય તે જનની જાયા રે.
જ્ઞાનવિમલગિરિ ધ્યાન ધરંતા, સમકિત ગુણનિધિ પાયા રે. અમે. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

આવો ભવિક શત્રુંજયગિરિ જઈએ, ભેટીને નિર્મલ થઈએ રે, સખી ભવજલ તારું
પૂરવ સંચિત પાપ પણાશે, સેવ્યા શિખસુખ લહીએ રે. સખી ૧.
કર્મભૂમિમાં એહ સરિખું, તીરથ અવર ન કોઈ રે. સખી.
સિદ્ધ અનંત થયા એણે ઠામે, તીરથ ધરતી જોઈ રે. સખી. ૨.
સમકિત શુદ્ધ વિરતિ પરિણામે, જિનપૂજાનો રાગી રે. સખી.
વળીય વિશેષે એણે ઠામે, એકમના લય લાગી રે. સખી. ૩.
એક દોય ત્રણ ભવમાંહે પામે, અવિચલ પરમાનંદી રે. સખી.
નાગ મોર સિંહ વાઘ પ્રમુખ તિરિ, સુગતિગયા જિન વંદી રે. સખી. ૪.
પંચમે આરે ભવિક ને તારે, ભવજલ પાર ઉતારે રે. સખી.
રિસહેસર આણા શિર ધારી, હોવે અલ્પ સંસારી રે. સખી. ૫.
દાન શીલ તપ ભાવના ભાવે, આપણી શક્તિ ન ગોપે રે. સખી.
થિર પરિણામે વિધિ નવિ વામે, વિવિધ ભક્તિ નવિ લોપે રે. સખી. ૬.
સોવનપુરિસાની પરે નિતુ નિતુ, મંગલ કમલા વાધે રે. સખી.
અનુક્રમે જ્ઞાનવિમલ ગુરુગુણથી, સહજે શિવસુખ સાધે રે. સખી. ૭.

## થોય

પ્રણમો ભવિયાં રિસહ જિનેસર, શત્રુંજય કેરો રાયજી,
વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવન વરણી કાયજી,
ભરતાદિક શતપુત્રતણો જે, જનક અયોધ્યા-રાયજી.
ચૈત્રી પુનમને દિન જેહના, મ્હોટા મહોત્સવ થાયજી. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન

પહેલા પ્રણમું વિહરમાન, શ્રી સીમંધર દેવ,
પૂર્વ દિશે ઈશાન કુણે, વંદું હું નિત્યમેવ. ૧.

પુખ્ખલવઈ વિજયા તિહાં, પુંડરીકિણી નયરી.
શ્રી શ્રેયાંસ રાજા ભલો, જીત્યા સવિ વયરી. ૨.

દેહમાન ધનુષ્ય પાંચશે, માતા સત્યકી નંદ.
રુક્ મણી રાણી નાહલો, વૃષભ લંછન જિનચંદ. ૩.

ચોરાશી લાખ પૂરવ આય, સોવન વરણી કાય.
વીશ લખ પૂરવ કુમારવાસિ, તેમ તેસઠ રાય. ૪.

ગણધર ચોરાશી કહ્યા એ, મુનિવર એકસો કોડી
પંડિત ધીરવિમલ તણો, જ્ઞાનવિમલ કહે કર જોડી. ૫.

### સ્તવન (૧)

શ્રી સીમંધર વિનંતી, સુણ સાહિબ મેરા,
અહનિશ તુમ ધ્યાને રહું, મેં ફરજન તેરા. શ્રી સી. ૧.

ભાવભક્તિ શું વંદના, કરું ઊઠી સવેરા,
ભવદુઃખ સાગર તારીએ, જિમ હોય તુમ નેરા, શ્રી સી. ૨.

અંતર રવિ જબ પ્રગટીઆ, પ્રભુ તુમ ગુણ કેરા,
તવ હમ મન નિર્મળ ભયા, મિટ્યા મોહ અંધેરા. શ્રી સી. ૩.

તારક તુમ વિણ અવર કો, કહો કવણ ભલેરા,
તે પ્રભુ હમકું દાખવો, કરું તાસ નિહોરા. શ્રી સી. ૪.

નય નિતુ નેહે નિરખીએ, પ્રભુ અબકી વેરા,
બોધિબીજ મોહે દીજીએ, કહું કહા બહ તેરા. શ્રી સી. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

શ્રી સીમંધર સાહિબા, વિનતડી હો સુણીએ કિરતાર કે,
તે દિન લેખે લાગશે, જિણ દિવસે હો લહીશું દીદાર કે. શ્રી. ૧.
હેજાળુ હૈયે ઉલ્લસે, પણ નયણે હો નિરખ્યે સુખ થાય કે,
જે જલપાન પિપાસીઓ, તસ દુગ્ધે હો કરી તૃપ્તિ ન થાય કે. શ્રી. ૨.
જાણો છો પ્રભુ બહુ પરે, માહરા મનની હો વીતકની વાત કે,
તો શું તાણો છો ઘણું, આવી મિલો હો મુજ થઈ સાક્ષાત કે. શ્રી. ૩.
હું ઉચ્છક બહુ પરે કહું, પણ ન ગણું હો કાંઈ રીઝ અરીઝ કે,
એ લક્ષણ રાગી તણું, તિણે ભાખ્યું હો સઘળું મનગુઝ કે. શ્રી. ૪.
જ્ઞાનવિમલ પ્રભુ આપણો, જાણીને હો કીજે ઉચ્છાહ કે,
ઉત્તમ આપ અધિક કરે, આવી મળ્યા હો ગ્રહ્યા જે બાહ્ય કે. શ્રી. ૫.

## થોય

શ્રી સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની ભાવ ધરી કરું સેવ.
સકલ આગમ પારગ ગણધર ભાષિત વાણી.
જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણખાણી. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પંન્યાસ પદ્મવિજયજી મ.સા.ની શોર્ટમાં જીવન ઝરમર

આ જ રાજનગરમાં શામળદાસ (શામળા)ની પોળમાં શ્રેષ્ઠી ગણેશ અને તેમની પત્ની ઝમકુ આદર્શ દંપતી હતાં. તેમને ત્યાં સંવત ૧૭૯૨ના ભાદરવા સુદી ૨ના દિવસે પુત્રનો જન્મ થયો. તેમનું પાનાચંદ નામ રાખ્યું. આ પાનાચંદની છ વર્ષની ઉંમર થતાં તેમની માતા મૃત્યુ પામી. તેથી તેમની માસી જીવીબાઈની છત્રછાયામાં ઉછરતાં તેઓ ધર્મના સંસ્કાર પામ્યા. માસી સાથે વ્યાખ્યાને જતાં મહાબલ મુનિનો અધિકાર સાંભળી વૈરાગ્ય પામી સંવત ૧૮૦૫ના મહા સુદ પાંચમને દિવસે પાચ્છા વાડીમાં ઉત્તમ વિજય પાસે દીક્ષા લીધી. દીક્ષા નામ પદ્મવિજય રાખવામાં આવ્યું.

ધાર્મિક સંસ્કૃત ન્યાય વિગેરેના સારા અભ્યાસ પછી વિદ્વાન પદ્મવિજયજીને રાધનપુરમાં વિક્રમ સંવત ૧૮૧૦માં તપાગચ્છમાં તે વખતના બિરાજમાન આચાર્ય વિજય ધર્મસૂરિએ પંડિત પદ આપ્યું.

સુરત, બુરાનપુર, ઘોઘા, પાલિતાણા, પાલનપુર, પાટણ, સિદ્ધપુર, સાણંદ, લીમડી, વિસનગર, રાધનપુર, અમદાવાદ વગેરે સ્થળોએ મુખ્યત્વે તેઓનાં ચાતુર્માસ થયાં છે.

તેઓએ પોતાના જીવનમાં સુરત, રાધનપુર, પાટણ, ઘોઘા, પાલિતાણા, અમદાવાદ વિગેરે ઠેકાણે સેંકડો બિંબોની પ્રતિષ્ઠા, ઉપધાન, ઉજમણાં વિગેરે કરાવેલ છે. તેમજ ૧. જયાનંદ કેવલી ચરિત્ર ગદ્ય. ૨. જયાનંદ કેવલીનો રાસ (સં. ૧૮૫૮). ૩. સમરાદિત્ય કેવલીનો રાસ વગેરે ભાવવાહી અનેક પ્રકારનું ગેય તથા ગદ્ય ગુર્જર સાહિત્ય સર્જ્યુ છે. એ આજે પણ અનેક ભવ્ય પુરુષો દ્વારા કંઠસ્થ થઈ પ્રચાર પામી રહ્યું છે. તેઓ સં. ૧૮૬૨ ના ચૈત્ર સુદ-૪ ના દિવસે પ્રતિક્રમણ બાદ કાળધર્મ પામ્યા.

**(દેવવંદનમાલામાંથી)**

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી આદિશ્વર પ્રભુનું ચૈત્યવંદન

વિમલ કેવલજ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં,
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં. ॥ ૧ ॥
વિમલ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણગણ ભૂધરં,
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં ॥ ૨ ॥
કરતી નાટક કિન્નરીગણ, ગાય જિન ગુણ મનહરં,
નિર્જરાવલી નમે અહોનિશ, નમો આદિ જિનેશ્વરં ॥ ૩ ॥
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડિ પણ મુનિ મનહરં,
શ્રી વિમલગિરિવર, શૃંગસિદ્ધા, નમો આદિ જિનેશ્વરં ॥ ૪ ॥
નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં,
મુગતિ રમણી વર્યા રંગે, નમો આદિ જિનેશર ॥ ૫ ॥
પાતાલનર સુર લોક માંહે, વિમલ ગિરિવરતો પરં,
નહિ અધિક તીર્થ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં ॥ ૬ ॥
ઈમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈએ,
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જયોતિ નીપાઈએ ॥ ૭ ॥
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદ સ્થિત જયકરં,
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં ॥ ૮ ॥

### સ્તવન (૧)

પ્રથમ જિનેશ્વર પ્રણમીયે, જાસ સુગંધીરે કાય,
કલ્પવૃક્ષ પરે તાસ, ઈંદ્રાણી નયન જે ભૃંગપરે લપટાય ॥ ૧ ॥
રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ,
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ ॥ ૨ ॥
વગર ધોઈ તુજ નિર્મલી, કાયા કંચન વાન,
નહિ પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જેહ ધરે તાહરૂં ધ્યાન. ॥ ૩ ॥
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોઈ.
રુધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ॥ ૪ ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત,
દેખે ન આહાર નિહાર, ચરમચક્ષુ ધણી, એહવા તુજ અવદાત. ॥ ૫ ॥
ચાર અતિશય મૂલથી, ઓગણીસ દેવના કીધ,
કર્મખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ॥ ૬ ॥
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ,
પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાલજો, જિમ થાઉં અક્ષય અભંગ ॥ ૭ ॥

## સ્તવન (૨)

ઋષભ જિનેશ્વર સ્વામી અરજ અમારી, અવધારો કાંઈ ત્રિભુવનના દેવજો.
કરૂણાના નંદ અખંડ, જયોતિ સ્વરૂપ છો, એહવા જોઈને મે આદરી તુમ સેવ જો. ૧.
લાખ ચોરાશી યોનિ વારંવાર હું ભમ્યો, ચોવીશે દંડકે ઉભગ્યું મારૂં મન જો.
નિગોદાદિક ફરસી આવ્યો, સ્થાવર હું થયો, એમ રે ભમતો આવ્યો વિકલેન્દ્રિય ઉત્પન્ન જો. ૨.
તિર્યંચ પંચેન્દ્રિય તણા ભવ મેં બહુ કર્યા, ફરસી ફરસી ચૌદ રાજ મહારાજ જો,
દશ દ્દષ્ટાંતે દોહિલો, મનુષ્ય જન્મ અવતર્યો, એમ રે ચઢતો આવ્યો શ્રેણીએ શિવકાજ જો. ૩
જગતના બંધવ જગ સાર્થવાહ છો, જગગુરુ જગરક્ખણ એ દેવ જો,
અજરામર અવિનાશી જ્યોતિ સ્વરૂપ છો, સુરનર કરતાં તુજ ચરણની સેવ જો. ૪.
મરૂદેવીના નંદન વંદના માહરી, અવધારો કાંઈ પ્રભુજી મહારાજ જો,
ચૌદરાજનો ઉદ્રિષ્ટ, પ્રભુજી તારીયે, દીજીયે કંઈ વંછિત ફળ જીનરાજ જો. ૫
વંદના મારી નિસુણી, પરમ સુખ દીજીયે, કીજીએ કંઈ વંછિત જન્મ મરણ દુઃખ દૂર જો.
પદ્મવિજય સુપસાય, ઋષભ જીન ભેટીયાં, જિત વંદે કાંઈ, પ્રહ ઉગમતે સુર જો. ૬

## થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા,
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલ શ્રી રાયા, મોક્ષ નગરે સિધાયા

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અજિતનાથ પ્રભુનું ચૈત્યવંદન

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી,
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી ॥ ૧ ॥
બહોંતેર લાખ પૂરવતણું, પાળ્યું જિણે આય,
ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુરરાય ॥ ૨ ॥
સાડા ચારશે ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ,
પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીયે શિવગેહ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

શ્રી અજિત જિનેસર વંદિયે, જે ત્રિભુવન જન આધાર રે,
પચાસ લાખ કોડિ સાયરનો, અંતર આદિ અજિત વિચાર રે...શ્રી... ૧.
સુદ વૈશાખની તેરસે, પ્રભુ અવતર્યા જગસુખ દાય રે,
મહા સુદ આઠમ દિને જનમિયા, તિમ નવમી વ્રતધર થાય રે...શ્રી... ૨.
એકાદશી અરજુન પક્ષની, પોષ માસની પામ્યા નાણ રે,
ચૈત્ર સુદિ પાંચમને દિને, પામ્યા પ્રભુ શાશ્વત ઠાણ રે...શ્રી... ૩.
સાડા ચારસેં ઉંચી ધનુષની, કાયા કંચન વાન રે,
લાખ બહોંતેર પૂર્વનું આઉખું, જગ ઉપગારી ભગવાન રે...શ્રી... ૪.
જેજિનવર નમતાં સાંભળે, એક સો સિત્તેર મહારાજ રે,
તેહના ઉત્તમ પદ પદ્મની, સેવાથી લહે શિવરાજ રે...શ્રી... ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

અજિત જિન તુજ મુજ અંતરો, જોતાં દીસે ન કોય રે,
તુજ મુજ આતમ સારીખો, હાં રે સત્તા ધર્મથી હોય રે.. અજિત.૧.
જ્ઞાન દર્શન ચરણ આદિ દેઈ, ગુણ અ છે જેહ અનંત રે,
અસંખ્ય પ્રદેશ વળી સારીખા, એ છે ઈણિ પરે તંત રે.. અજિત.૨.
એતલો અંતર પણ થયો, હાં રે આવિરભાવ તિરોભાવ રે,
આવિરભાવે ગુણ નીપના, તિણે તુજ રમણ સ્વભાવ રે.. અજિત.૩.
રાગદ્વેષાદિ વિભાવની, હાં રે પરણતી પરભાવે રે,
ગ્રહણ કરતો કરે ગુણ તણો, હાં રે પ્રાણી એહ તિરો ભાવે રે.. અજિત.૪.
એહ અંતર પડયો તુજ થકી, હાં રે તેને મન ઘણું દુઃખ રે.
ભીખ માંગે કુણ ધન છતે, હાં રે છતે આહાર કુણ ભૂખ રે.. અજિત.૫.
તુજ અવલંબને આંતરો, હાં રે ટળે માહરે સ્વામ રે,
અચલ અખંડ અગુરૂ લહુ, હાં રે લહે નિરવદ્ય ઠામ રે.. અજિત.૬.

## થોય

વિજયા સુત વંદો, તેજથી જયું દિણંદો,
શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો,
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સૂરીંદો,
લહો પરમાણંદો, સેવના સુખકંદો. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સંભવનાથ પ્રભુનું ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ,
જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥
સેનાનંદન ચંદનો, પૂજો નવ અંગે,
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે ॥ ૨ ॥
સાત લાખ પૂરવતણું એ, જિનવર ઉત્તમ આય,
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

### સ્તવન (૧)

સંભવ જિનવર સુખકરૂં, સાગર ત્રીસ લાખ કોડી રે,
અજિત સંભવ વચ્ચે આંતરૂં, જગતમાં જાસ નહીં જોડી રે...સંભવ... ૧.
ફાગણ સુદિ તણી આઠમે, જેહનું ચ્યવન કલ્યાણ રે,
માગશિર સુદિની ચૌદશે, નિપનો જનમ જિન ભાણ રે...સંભવ... ૧.
કનક વરણે તજી કામિની, લીધો સંયમ ભાર રે,
પૂર્ણિમા માગશિર માસની, ઘર તજી થયા અણગાર રે...સંભવ... ૧.
ચારસેં ધનુષ્યની દેહડી, કાર્તિક વદિ પાંચમે નાણ રે,
લોક અલોક ખટ દ્રવ્ય જે, પરતક્ષ નાણ પરમાણ રે...સંભવ... ૧.
ચૈત્ર સુદ પાંચમે શિવ વર્યા, સાઠ લાખ પૂર્વનું આય રે,
તાસ ઉત્તમ પદ પદ્મની, સેવાથી સુખ થાય રે...સંભવ... ૧.

### થોય

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા
ષડ્ જીવના ત્રાતા, આપતા સુખશાતા,
માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા,
દુઃખ દોહગ વ્રાતા, જાસ નામે પલાતા.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અભિનંદન સ્વામિનું ચૈત્યવંદન

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન,
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન ॥ ૧ ॥
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિનતાય,
સાડા ત્રણશે ધનુષમાન, સુંદર જસ કાય. ॥ ૨ ॥
વિનીતા વાસી વંદીયે એ, આયુ લખ પચાસ,
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

તુમ્હે જોજ્યો જોજ્યો રે, વાણિનો પ્રકાશ તુમ્હે,
ઉઠે છે અખંડ ધ્વનિ, જોજને સંભળાય.
નર તિરિય દેવ આપણી, સહુ ભાષા સમજી જાય. તુમ્હે. ૧.

દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખેપે જુત્ત.
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભૂત. તુમ્હે. ૨.

પય સુધા ને ઈક્ષુવારિ, હારી જાયે સર્વ,
પાખંડી જન સાંભળીને, મૂકી દિયે ગર્વ. તુમ્હે. ૩.

ગુણ પાંત્રીસ અલંકરી, અભિનંદન જિનવાણી,
શંસય છેદે મન તણા, પ્રભુ કેવલજ્ઞાને જાણી. તુમ્હે. ૪.

વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ,
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ. તુમ્હે. ૫.

સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર,
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વા તત્ત્વ વિચાર. તુમ્હે. ૬.

નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ.
રાગદ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ. તુમ્હે. ૭.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિજસ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ,
ચિદાનંદ ઘન આતમ તે, થાયે જિન ગુણ ભૂપ. તુમ્હે. ૭.

વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ,
નીમા તે પરભાવ તજીને, પામેં શિવપુર સદ્મ. તુમ્હે. ૮.

## સ્તવન (૨)

સુંદર અભિનંદન જિનરાજની, હું જાઉં બલિહારી હો, સુંદર.
દશ લાખ કોડી સાગરે, અભિનંદન અવધાર હો. સુંદર. ૧.
સુદ વૈશાખ ચોથેંચવ્યા, જનમ્યા મહા સુદિ બીજે હો, સુંદર.
સ્તવના નિંદાથી પ્રભુ, નવિ હરખે નવિ ખીજે હો. સુંદર. ૨.
સાડા ત્રણશેં ધનુષ્યની, દેહડી સોવન વાન હો, સુંદર.
મહા સુદિ બારસેં વ્રત ધરી, મનપર્યવ લહે જ્ઞાન હો. સુંદર. ૩.
સુદ ચૌદશ પોષ માસની, પંચમ નાણ પ્રકાશ હો, સુંદર.
વૈશાખ સુદિ આઠમ દિને, પોંહતા શિવપુર વાસ હો. સુંદર. ૪.
લાખ પચાસ પૂરવ તણું, જિનવર ઉત્તમ આય હો, સુંદર.
પ્રેમે પદ્મ વિજય કહે, થુણિયેં શ્રી જિનરાજ હો. સુંદર. ૫.

## થોય

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો,
પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો,
જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સુમતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરૂં, કોસલ્લા જસ નયરી,
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ॥ ૧ ॥

ક્રૌંચ લંછન જિન રાજિયો, ત્રણશેં ધનુષની દેહ,
ચાલીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ. ॥ ૨ ॥

સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ,
તસ પદ પદ્મસેવા થકી, લહો સુખ અવ્યા બાધ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

પંચમ જગપતિ વંદિયે, સાહેલડીયાં, સુમતિ જિણેસર દેવ,
ગુણ વેલડીયા.
સુમતિ તણો દાયક પ્રભુ, સાહે. એહ સેવો નિતમેવ. ગુણ. - ૧.
એહને જનમ મરણ નહિં, સાહે. આર્તધ્યાન નવિ હોય. ગુણ.
દુર્ગતિ સનમુખ નવિ હોયેં, સાહે. ભવદુઃખ સામું ન જોય. ગુણ. - ૨.
રોગ શોક નવિ એહને, સાહે. નહિ એહને સંતાપ, ગુણ.
એહની કરો ઉપાસના, સાહે. જાયે જેહથી પાપ. ગુણ. - ૩.
અષ્ટકર્મ દળ છેદીને, સાહે. પામ્યા અવિચલ રાજ્ય. ગુણ.
રત્નત્રયી પરગટ કરી, સાહે. સુખ વિલસે નિત પ્રાજ્ય. ગુણ. - ૪.
જિન ઉત્તમ પદ પદ્મને, સાહે. સેવ્યે સુખ નિરધાર. ગુણ.
જેહથી અક્ષયપદ લહે, સાહે. અવ્યાબાધ ઉદાર. ગુણ. - ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

સેવો સુમતિ જિનેસર સાહિબો, પ્રભુ અભિનંદનથી એહ રે,
નવ લાખ કોડી સાગર તણો, અંતર ગુણ ગણમણી ગેહ રે...સેવો... ૧.

ચવ્યા શ્રાવણ સુદિ બીજને દિને, સુચિત ચૌદ સુપને જેહ રે,
વૈશાખ સુદિ આઠમેં જનમીયા, ત્રણ જ્ઞાન સહિત વર દેહ રે...સેવો... ૧.

ઉંચી કાયા ત્રણસેં ધનુષની, સોવન વન્ન અતિ અવદાત રે,
સુદિ વૈશાખ નવમીયેં વ્રત લીયેં, દેઈ દાન સંવચ્છરી ખ્યાત રે...સેવો... ૧.

ચૈત્ર સુદિ અગ્યારસ દિને, લહ્યું પ્રભુજી પંચમ નાણ રે,
ચૈત્ર સુદિ નવમીયેં શિવવર્યા, પૂર્વ લાખ ચાલીશ આયુ જાણ રે...સેવો... ૧.

એતો જિનવર જગગુરુ મીઠડો, માહરો આંતમચો આધાર રે.
ભવ ભવ પ્રભુ શરણે રાખજ્યો, કહે પદ્મ વિજય ધરી પ્યાર રે...સેવો... ૧.

## થોય

સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ,
મેરૂ ને વલી રાઈ, ઓર એહને તુલાઈ,
ક્ષય કીધાં ઘાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિં ઊણિમ કાંઈ, સેવિયે તે સદાઈ. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી પદ્મપ્રભ સ્વામિનું ચૈત્યવંદન

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય,
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય ।। ૧ ।।
ત્રીસ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી,
ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાલી. ।। ૨ ।।
પદ્મલંછન પરમેશ્વરૂએ, જિનપદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજિયે, ભવિજન સહુ નિતમેવ ।। ૩ ।।

### સ્તવન

પદ્મ જિનેસર પદ્મલંછન ભલું, પદ્મની ઓપમ દેવાય,
ઉદકને પંકમાંહી જે ઉપનું, ઉદક પંકે ન લેપાય. ૧.
તિમ પ્રભુ કર્મ પંકથી ઉપના, ભોગ જળે વધ્યા સ્વામી,
કર્મ ભોગ મ્હેલી અલગા રહ્યા, તેહને નમું શિરનામી. ૨.
બારે પરખદ આગળ તું દીયે, મધુર સ્વરે ઉપદેશ,
દશર દૃષ્ટાંતે દેશના સાંભળે, નર તિરિ દેવ અશેષ. ૩.
રક્ત પદ્મ સમ દેહ તે તગતગે, જગ લગે રૂપ નિહાળ,
ઝગમગે સમવસરણમાંહી રહ્યો, પગ પગે રિદ્ધિ રસાળ. ૪.
સુશીમા માતાએ પ્રભુને ઉર ધર્યા, પદ્મ સુપન ગુણધામ,
ઉત્તમ વિજય ગુરુ સાહ્યે ગ્રહ્યો, પદ્મ વિજય પદ્મ નામ. ૫.

### થોય

અઢીશેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા,
સુસીમા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા,
કેવલ વરપાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો,
પૃથિવી માત ઉરે જયો, તે નાથ હમેરો. ॥ ૧ ॥
પ્રતિષ્ઠિત સુત સુંદરું, વાણારસી રાય,
વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય. ॥ ૨ ॥
ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર,
પાદ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર. ॥ ૩ ॥

### સ્તવન (૧)

સાતમો સગ ભય વારવા, જિનવરજી જયકાર,
સોભાગી સાંભળો અંતર સાગર એહનો, નંદ કોડિ હજાર. ૧.
ભાદ્રવા વદની આઠમે, ચવીઆ સ્વર્ગને છાંડિ. સોભાગી.
જેઠ સુદિ બારસ જનમિયા, એ પ્રભુ શું રઢ માંડિ. સોભાગી. ૨.
ધનુષ બસેં તનુ જેહનું, કાંતિ કનક અનુહાર. સોભાગી.
જેઠ સુદિ તેરસે આદરે, ચોખાં મહાવ્રત ચાર. સોભાગી. ૩.
ફાગણ વદિ છઠે ઉપનું, નિરૂપમ પંચમનાણ. સોભાગી.
વીશ લાખ પૂરવ તણું, આઉખું ચઢયું સુપ્રમાણ . સોભાગી. ૪.
ફાગણ વદિ સાતમ દિને, પારંગત થયા દેવ, સોભાગી.
જિન ઉત્તમ પદ પદ્મની, કીજે નિત નિત સેવ. સોભાગી. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

શ્રી સુપાર્શ્વ જિણંદ તારૂં, અકલ રૂપ જણાય રે.
રૂપાતીત સ્વરૂપવંતો, ગુણાતીત ગુણ ગાય રે.
પ્રભુ ક્યુંહી ક્યુંહી, તારનારો તુંહી રે. ૧.
તારનારો તુંહી કિમ પ્રભુ, હૃદયમાં ધરી લોક રે,
ભવસમુદ્રમાં તુજ તારે, તુજ અભિધા ફોક રે. ૨.
નીરમાં દૃતિ દેખી તરતી, જાણીયું મેં સ્વામી રે.
તિમ અનિલ અનુભાવ જિમતિમ, ભવિક તાહરે નામ રે. ૩.
જેહ તનુમાં ધ્યાન ધ્યાયે, તાહરૂં તસ નાશ રે,
પાય તનુનો તેહ કિમ પ્રભુ, એહ અચરિજ ખાસ રે. ૪.
વિગ્રહને ઉપશમ કરે તે, મધ્યવર્તી હોય રે.
તિમપ્રભુ તુમે મધ્યવર્તી, કલહ તનુસમ જોય રે. ૫.
તુમ પ્રમાણ અનલ્પ દીસે, તે ધરી હુદે ભવ્ય રે,
ભારવિણ જિમ શીઘ્ર તરીયે, એહ અચરિજ નવ્ય રે. ૬.
મહાપુરુષ તણો જે મહિમા, ચિંતવ્યો નવિ જાય રે,
ધ્યાન ઉત્તમ જિનરાજ કેરો, પદ્મવિજય તિણે ધ્યાય રે. ૭.

## થોય

સુપાર્શ્વ જિનવાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહોંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી,
પાંત્રીસ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
ષડ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ધાણી. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમીઓ, મહસેન જસ તાય,
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ॥ ૧ ॥
દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ,
સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસ્નેહ ॥ ૨ ॥
ચંદ્રપ્રભુ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર,
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર. ॥ ૩ ॥

### સ્તવન

ચંદ્રપ્રભુ જિન આઠમા રે, પામ્યા પૂર્ણ સ્વભાવ, જિનવર ધ્યાવો.
પૂર્ણતા મુજ પરગટ થવા રે, છો નિમિત્ત નિઃપાવ જિનવર.
ધ્યાવો ધ્યાવો રે ભવીક જિન ધ્યાવો, પ્રભુ ધ્યાતાં દુઃખ પલાય. જિનવર. ૧.
પર ઉપાધિની પૂર્ણતા રે, જાચિત મંડન તેહ. જિનવર.
જાત્યંરત્ન સંપૂર્ણતા રે, પૂર્ણતા શુભ દેહ. જિનવર. ૨.
કલ્પનાથી જે અતાત્ત્વિકી રે, પૂર્ણતા ઉદધિ કલ્લોલ. જિનવર.
ચિદાનંદ ઘન પૂર્ણતા રે, સ્તિમિત સમુદ્રને તોલ. જિનવર. ૩.
પૂર્યમાન હાનિ લહે રે, અસંપૂર્ણ પૂરાય. જિનવર.
પૂર્ણાનંદ સ્વભાવ છે રે, જગ અદ્ભૂતનો દાય. જિનવર. ૪.
પૂર્ણાનંદ જિણંદ ને રે, અવલંબે ધરી નેહ. જિનવર.
ઉત્તમ પૂર્ણતા તે લહે રે, પદ્મવિજય કહે એહ. જિનવર. ૫.

### થોય

સેવે સુરવર વૃંદા, જાસ ચરણારવિંદા, અઠમ જિનચંદા, ચંદ વર્ણે સોહંદા,
મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા, લંછન મિષ ચંદા, પાયમાનું સેવિંદા.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સુવિધિનાથ પ્રભુનું ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત,
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ॥ ૧ ॥
આયુ બે લાખ પૂરવ તણું, શત ધનુષની કાય,
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ॥ ૨ ॥
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિન નામ,
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ. ॥ ૩ ॥

## સ્તવન (૧)

સુવિધિ જિનપતિ સેવીયે, મન મોહન મેરે અંતર સુવિધિ ચંદ,
નેઉ કોડિ સાગર તણું, મન. પ્રણમો ભવિજન વૃંદ. મન.૧
ફાગણ વદિ નોમે ચવ્યા, મન. રામા ઉર સર હંસ, મન.
માગશિર વદિ પાંચમે જન્મ્યા, મન. દીપાવ્યો સુગ્રીવ વંશ. મન.૨
એકસો ધનુષ કાયા ભલી, મન. વરણ ચંદ અનુહાર. મન.
માગશિર વદિ છઠ્ઠે વ્રતી. મન. લીધો સંયમ ભાર. મન.૩
સુદિ કાર્તિક ત્રીજે થયા, મન. લોકાલોકના જાણ. મન.
ભાદ્રવા સુદિ નવમી દિને, મન. પ્રભુ પામ્યા નિર્વાણ. મન.૪
દોયલાખ પૂરવ તણું, મન. જિનવર ઉત્તમ આય. મન.
પદ્મવિજય કહે પ્રણમતાં, મન. આપદ દૂર પલાય. મન.૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨)

સુવિધિ જિનેસર સાહિબા રે, મનમોહના રે લાલ.
સેવો થઈ થિર થોભ રે, જગ સોહના રે લાલ.
સેવા નહિ હોયેં અન્યથા રે, મન. હોયેં અથિરતાયેં ક્ષોભ રે...૧.
પ્રભુ સેવા અંબુદ ઘટા રે, મન. ચઢી આવી ચિત્તમાંહી રે.
અથિર પવન જબ ઉલટે રે, મન. તબ જાયે વિલઈ ત્યાંહી રે...૨.
પુંશ્ચલા શ્રેયકરી નહીં રે, મન. જિમ સિદ્ધાંત મઝાર રે.
અથિરતા તિમ  ચિત્તથી રે, મન. ચિત્ર વચન આકાર રે...૩.
અંતઃકરણે અસ્થિરપણું રે, મન. જો ન ઉધર્યું મહાશલ્ય રે.
તો શ્યો દોષ સેવા તણો રે, મન. નવિ આપે ગુણ દિલ્લ રે...૪.
તિણે સિદ્ધમાં પણ વાંછીઓ રે. મન. થિરતા રૂપ ચરિત્ત રે.
જ્ઞાન-દર્શન અભેદથી રે. મન. રત્નત્રયી ઈમ ઉત્ત રે...૫.
સુવિધિ જિન સિદ્ધિ વર્યા રે, મન. ઉત્તમ ગુણ અનૂપ રે.
પદ્મવિજય તસ સેવથી રે. મન. થાયેં નિજ ગુણ ભૂપ રે...૬.

થોય

નરદેવ ભાવદેવો, જેહની સારેસેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જયું મેવો,
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
સુવિધિ જિન જેહવો, મોક્ષદે તતખેવો. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી શીતલનાથ પ્રભુનું ચૈત્યવંદન

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલ નાથ,
રાજા ભદ્દિલ પુરતણો, ચલવે શિવ સાથ. ॥ ૧ ॥
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ,
કાયા, માયા ટાલીને, લહ્યા પંચમ નાણ ॥ ૨ ॥
શ્રી વત્સ લંછન સુંદરૂએ, પદ પદ્મે રહે જાસ,
તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ. ॥ ૩ ॥

### સ્તવન

શીતલનાથ સુહંકરૂં, નમતાં ભવભવ જાય. મોહન.
સુવિધિ શીતલ વચ્ચે આંતરો, નવકોડી સાગર થાય. ૧
વૈશાખ વદિ છઠ્ઠે ચવ્યા, મહા વદિ બારસે જન્મ. મો.
નેવું ધનુષ સોવન વાને,. નવિ બાંધે કોઈ કમ્મ. મો. ૨
મહા વદિ બારસે આદરે, દીક્ષા દક્ષ જિણંદ. મો.
પોષ અંધારી ચૌદશે, ઉગ્યો જ્ઞાન દિણંદ, મો. ૩
લાખ પૂરવનું આઉખું, બીજ વૈશાખ વદિ માસ. મો.
અજરામર સુખિયા થયા, છેદ્યો ભવ ભય પાસ. મો. ૪
એ જિન ઉત્તમ પ્રણમતા, અજરામર હોયેં આપ. મો.
પદ્મવિજય પ્રભુ આગમે, એહવી દીધી છાપ. મો. ૫

### થોય

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી,
જે શિવગતિ ગામી, શાશ્વતા નંદ ધામી,
ભવિ શિવસુખ કામી, પ્રણમીયે શીશ નામી ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય,
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષ્યની કાય ॥ ૧ ॥
વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય,
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરનો રાય ॥ ૨ ॥
રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન,
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥

### સ્તવન

છવીસ સહસ લખ છાસઠે જી, વરસ સો સાગર એક.
ઉણાં કોડિ સાગરતણુંજી, શ્રેયાંસ અંતર છેક રે,
ભવિકા વંદો શ્રી જિનરાજ, તુમે સારો આતમ કાજ રે. .... ૧.
જેઠ વદિ છઠ્ઠિ દિનેજી, ફાગણ વદિમાં રે જોય,
બારસ ને દિને જનમીયાજી, કંચન વરણા હોય રે. ભવિકા. ૨.
એંશી ધનુષ કાયા કહીજી, જાસ સુગંધી રે શ્વાસ,
ફાગણ વદિ તેરસે ગ્રહેજી, સંયમ સુખ આવાસ રે. ભવિકા. ૩.
જ્ઞાન અમાસ માહ માસનીજી, આયુ ચોરાશી લાખ.
વર્ષા શ્રાવણ વદિ શિવ વર્યાજી, ત્રીજ દિને ઈમ ભાખ રે. ભવિકા. ૪.
જિન કલ્યાણક દીઠડાંજી, ધન્ય ઉત્તમ નરનાર,
પદ્મ કહે સફળો કર્યોજી, માનવનો અવતાર રે. ભવિકા. ૫.

### થોય

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવન મેં વિખ્યાત,
સુરપતિ સંઘાત, જાસ નિકટ આયાત,
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ સાત. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી વાસુપૂજ્ય સ્વામિનું ચૈત્યવંદન

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી કામ,
વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ॥ ૧ ॥
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ,
કાયા આયુ વરસી વલી, બહોંતેર લાખ વખાણ. ॥ ૨ ॥
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય,
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ॥ ૩ ॥

### સ્તવન (૧)

વાસવ વંદિત વંદિએજી, વાસુપૂજ્ય જિનરાય,
માનુ અરૂણ વિગ્રહ કર્યોજી, અંતર રિપુ જયકાર,
ગુણાકર અદ્‌ભૂત તાહરી રે વાત, સુણતાં હોય સુખ શાંત. ૧.
અંતર રિપુ ક્રમ જય કર્યોજી, પામ્યો કેવલજ્ઞાન
શૈલેશી કરણે દહ્યાંજી, શેષ કરમ શુભ ધ્યાન. ગુણાકર. ૨.
બંધન છેદાદીક થકીજી, જઈ ફરસ્યો લોકાંત,
જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત. ગુણાકર. ૩.
અવગાહના જે મૂળ છેજી, તેહમાં સિદ્ધ અનંત,
તેહથી અસંખ્ય ગુણા હોયેંજી, ફરસિત જિન ભગવંત. ગુણાકર. ૪.
અસંખ્ય પ્રદેશ અવગાહનાજી, અસંખ્ય ગુણ તિણે હોય,
જ્યોતિમાં જ્યોતિ મિલ્યા કરેજી, પણ સંકીર્ણ ન કોય. ગુણાકર. ૫.
સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દૂર,
અચલ અમલ નિઃકલંક તું જી, ચિદાનંદ ભરપૂર. ગુણાકર. ૬.
નિજ સ્વરૂપ માંહી રમે જી, ભેળા રહત અનંત,
પદ્મવિજય તે સિદ્ધનુંજી, ઉત્તામ ધ્યાન ધરંત. ગુણાકર. ૭.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

વાસવ વંદિત વંદીએ જી, વાસુપૂજ્ય જિનરાય,
શ્રેયાંસને વાસુપૂજ્ય વચ્ચે રે, ચોપન સાગર જાય,
જિનેસર તું મુજ પ્રાણ આધાર, તુંહિ જ મોક્ષ દાતાર. ૧.
ચવીયા જેઠ સુદિ નવમીયેં રે, જનમ તો ફાગણ માસ,
વદિ ચૌદશ દિન જાણીયે રે, ત્રોડે ભવ ભય પાસ. જિનેસર. ૨.
સિત્તેર ધનુ તનુ રક્તતા રે, દીપે જાસ પવિત્ત,
અમાવાસ્યા ફાગણ તણી રે, જિનવર લીયે ચારિત્ત. જિનેસર. ૩.
બીજ માહ સુદની ભલી રે, પામ્યા જ્ઞાન મહંત,
અષાઢ સુદિ ચૌદશેં કર્યો રે, આઠ કરમનો અંત. જિનેસર. ૪.
આયુ બોંતેર લખ વરસનું રે, જિન ઉત્તમ મહારાજ,
બાંહિ ગ્રહીને, તારીયે રે, પદ્મવિજય કહે આજ. જિનેસર. ૫.

## થોય

વિશ્વના ઉપકારી, ધર્મના આદિકારી,
ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી,
તાર્યાં નરનારી દુ:ખ દોહગ હારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી વિમલનાથ પ્રભુનું ચૈત્યવંદન

કપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર,
કૃતવર્મા નૃપકુલ નભે, ઉગમીયો દિનકાર ॥ ૧ ॥
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય,
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય ॥ ૨ ॥
વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ,
તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

વિમલ જિનેશ્વર વયણ સુણીને, વિમલતા નિજ ઓળખાણી રે,
પુદગલ તત્ત્વાદિક ભિન્ન સત્તા, સિદ્ધ સમાન પિછાણી રે. વિમલ. ૧.
પુદગલ સંગથી પુદગલમય, નિજ ખીર નીર પરે અપ્પા રે.
એતા દિન લગે એહિ જ ભ્રાંતિ, પુદગલ અપ્પા થપ્પા રે. વિમલ. ૨.
માનુ અબ મેં વાણી સુણીને, નિજ આતમ રિદ્ધિ પાઈ રે.
ગૃહ અંતરગત વિધિ બતલાવત, લહે આણંદ સવાઈ રે. વિમલ. ૩.
અપ્પા લહ્યો તું દેહને અંદર, ગુણ અનંત નિધાન રે,
આવારક આચાર્ય આવરણ, જાણ્યા ભેઅ સમાન રે. વિમલ. ૪.
સિદ્ધ સમાન વિમલતા નિજ તે, કરવા પ્રગટ સ્વભાવ રે,
વિમલ જિન ઉત્તમ આલંબન, પદ્મ વિજય કરે દાવ રે. વિમલ. ૫.

### થોય

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો, વિશ્વે કીર્તિ વિફારો,
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો,
ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અનંતનાથ પ્રભુનું ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી,
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી ॥ ૧ ॥
સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર,
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર ॥ ૨ ॥
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ,
જિન પદ પદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

અનંત જિનેશ્વર ચૌદમાજી, આપો ચાર અનંત,
અનંત વિમલ વચ્ચે આંતરોજી સાગર નવ તે કહંત.
સોભાગી જિનશું લાગો મુજ મન રંગ. ૧.
શ્રાવણ વદિ સાતમ દિનેજી, ચ્યવન કલ્યાણક જાસ,
વૈશાખ વદિની તેરસેજી, જન્મ જગત પ્રકાશ. સોભાગી. ૨.
ધનુષ પચાસની દેહડીજી, કંચન વરણ શરીર,
વૈશાખ વદિ ચૌદશ દિનેજી, સંજમ સાહસ ધીર. સોભાગી. ૩.
વૈશાખ વદિની ચૌદશેજી, પામ્યા જ્ઞાન અનંત,
ચૈત્ર સુદિની પાંચમેજી, મોક્ષ ગયા ભગવંત. સોભાગી. ૪.
ત્રીશ લાખ વરસા તણુંજી, ભોગવ્યું ઉત્તમ આય,
પદ્મવિજય કહે સાહિબાજી, તુમ તૂઠે શિવ થાય. સોભાગી. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૨)

અનંત જ્ઞાન અનંતતાજી, મુજથી કેમ કહેવાય.
અનંત આગમ માંહિ બોલિયાજી, એ ષટ પયથ્થ જિનરાય. ૧.
જીવ પુદગલ સમય એ ત્રિહુંજી, દ્રવ્ય પ્રદેશ પર્યાય.
થોડલા જીવ પુદગલ તિહાંજી, અનંતગુણા ઠહરાય. અનંત. ૨.
અનંત ગુણ તેજસ એક છે જી, અનંત ગુણ કર્મણ તાસ.
બંધને મુક્ત ભેળા વળીજી, તિણે અનંતગુણી રાશ. અનંત. ૩.
અનંત ગુણ સમય તેહથી કહયાજી, સાંપ્રત સમય સહુમાંહિ,
વ્યાપીઓ તિણે તેહથી વળીજી, દ્રવ્ય અધિકા કહ્યા ત્યાંહિ. અનંત. ૪.
જીવ પુદગલાદિ પ્રક્ષેપથીજી, થાયે અધિકા એમ તેહ.
છે પ્રદેશ અનંત ગુણાજી, નભ પ્રદેશ કરી એહ. અનંત. ૫.
શ્રેણિ અનાદિ અનંતનોજી, થાય ઘન નભ પ્રદેશ,
કાળનો તે ઘન નવિ હોયેંજી, તિણે અનંત ગુણ પ્રદેશ. અનંત. ૬.
તેહથી અનંતગુણ પજ્જવાજી, અગુરૂ બહુ પજ્જય અનંત.
એક પરદેશી વિષે ભાખિયાજી, થાય સમુદાય કરંત. અનંત. ૭.
અનંત જિન કેવલજ્ઞાનમાંજી, દેખતા નિતુ પરતક્ષ,
જિનવર ઉત્તમ મહેરથીજી, પદ્મને પણ હોય લક્ષ. અનંત. ૮.

## થોય

અનંત અનંતનાણી, જાસ મહિમા ગવાણી
સુરનર તીરિ પ્રાણી, સાંભળે જાસ વાણી,
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ધર્મનાથ પ્રભુનું ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત,
વજ્ર લંછન વજ્ર નમે, ત્રણ ભુવન વિખ્યાત. ॥ ૧ ॥
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ,
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ. ॥ ૨ ॥
ધર્મ મારગ જિનવર કહીએ, ઉત્તમ જન આધાર,
તેણે તુજ પાદ પદ્મતણી, સેવા કરૂં નિરધાર. ॥ ૩ ॥

### સ્તવન (૧)

શ્રી ધર્મ જિનેસર દેવા, બીજાની ન કરૂં હેવા સાહિબ અરજ સુણો.
તે તો કાચ સકલના જેહવા, તું ચિંતામણી દુઃખ હરેવા. હો.સા. ૧.
તે નવિ લહ્યા આપે ધર્મ, તસ સેવા કિમે દિયે શર્મ. હો.સા.
તું તો ધર્મતણો અધિકારી, ધર્મીજનને સુખકારી. હો.સા. ૨.
નિજ જેહ જેહ અનંતા ધર્મ, કર્યા પરગટ છંડી કર્મ. હો.સા.
મુજ પણ જેહ ધર્મ અનંતા, પ્રગટ કરવા કરૂં ચિંતા, હો.સા. ૩.
તસ તું પ્રભુ કારણ મિલિઓ, હવે તરીયો ભવજલ દરિયો. હો.સા.
તુજ મૂર્તિ સૂરતમાંહિ, મનોહર દીઠી ઉ ચ્છાહિ. હો.સા. ૪.
તેહથી તુજ પ્રત્યય આવ્યો, જિન ઉત્તમ ભાવે ભાવ્યો. હો.સા.
કહે પદ્મ વિજય પ્રભુ સેવા, કરવા અક્ષયપદ લેવા. હો.સા. ૫.

### થોય

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી,
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી,
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી,
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો,
વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો ॥ ૧ ॥
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ,
હત્થિણા ઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણી ખાણ ॥ ૨ ॥
ચાલીશ ધનુષની દેહડીએ, સમ ચઉરંસ સંઠાણ,
વદન પદ્મ જયું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

હાં રે મ્હારે શાંતિ જિનેશ્વર અલવેસર આધાર જો,
લેઈ દીક્ષા દિયે શિક્ષા ભવિજન લોકને રે લો,
હાં રે મ્હારે પામી જ્ઞાન ધરી શુભ ધ્યાન અનંત જો,
ત્રણ ભુવન અજુવાળે, ટાળે શોકને રે લો. ૧.

હાં રે મ્હારે શૈલેશીમાં થઈ અલેશી સ્વામિ જો.
નિજ સત્તાનો ભોગી શોકી નહિ કદારે લો,
હાં રે મ્હારે ગુણ એકત્રીશ જગીશ અતિ અદ્ભૂત જો.
પ્રગટ થયા અવગુણ ગયા સવિ સાદિ સદા રે લો. ૨.

હાં રે મ્હારે ગત આકાર શ્રીકાર સ્વરૂપ ગુણ પાંચ જો,
વર્ણવી ચિત્ત અતીતથી ગુણ પણ પામીયા રે લો,
હાં રે મ્હારે દોય ગંધ સંબંધ ટળ્યાથી દોય જો.
અરસ સરસથી ગુણ રસ પણ પ્રભુ પામીયા રે લો. ૩.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાં રે મ્હારે ફરસ આઠના નાસથી ગુણ લહ્યા અષ્ટ જો,
ત્રણ વેદનો ખેદ પ્રભુ દૂરે કર્યો રે લો.
હાં રે મ્હારે અશરીરી અસંગી વળી અરૂહ જો,
એકત્રીશ ગુણ વરીઓ, ભવદરીઓ નિસ્તર્યો રે લો. ૪.

હાં રે મ્હારે પામ્યા સિદ્ધ સ્વરૂપ અનૂપ જિણંદ જો,
તિમ સેવકના કારક તારક ભવ તણા રે લો,
હાં રે મ્હારે જિન ઉત્તમ વરગુણ ભર પદકજ નિત્ય જો.
પદ્મવિજય કહે ભાવો ભાવે ભવિ જના રે લો. ૫.

## થોય

વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ,
ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ,
દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી કુંથુનાથ પ્રભુનું ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય,
સિરિ માતા ઉર અવતર્યો, શૂર નરપતિ તાય. ॥ ૧ ॥
કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ,
કેવલ જ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ॥ ૨ ॥
સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય,
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ॥ ૩ ॥

### સ્તવન (૧)

કુંથુ જિનેસર પરમ કૃપા કરૂં, જગગુરૂ જાગતી જ્યોત. સોભાગી.
અરધ પલ્યોપમ અંતર શાંતિથી, કુંથુ જિણંદ વિચે હોત. સો. - ૧.
ચવીયા શ્રાવણ વદિ નવમી દિને, વૈશાખ વદિમાં રે જન્મ. સો.
ચૌદશને દિને પ્રભુ તે પ્રણમતાં, બાંધે નવિ કોય કમ્મ. સો. - ૨.
પાંત્રીસ ધનુષ પ્રમાણે દેહડી, કંચનવાને રે કાય, સો.
વૈશાખ વદિ પાંચમે દીક્ષા ગ્રહી, તપ કરી કર્મ જલાય. સો. - ૩.
ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયુ પંચાણું હજાર. સો.
વૈશાખ વદિ પડવે શિવવર્યા, અશરીરી અણાહાર. સો. - ૪.
સુર ઘટ સુર ગવિ સુરમણિ ઓપમા, જિન ઉત્તમ લહે જેહ. સો.
મુજ મનવંછિત પ્રભુજી આપજો, પદ્મવિજય કહે એહ. સો. - ૫.

### થોય

કુંથુ જિનનાથ, જે કરે છે સનાથ,
તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ,
એહનો તજે સાથ, બાવલ દીયે બાથ,
તરે સુર નર સાથ, જે સુણે એક ગાથ. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ,
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ॥ ૧ ॥
લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ,
સહસ ચોરાશી વર્ષનું, આયુ જાસ જગીશ ॥ ૨ ॥
અરુજ અજર અર જિનવરૂએ, પામ્યા ઉત્તમ ઠાણ,
તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિર્વાણ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

શ્રી અરનાથ જિન સાંભળો, સેવકની અરદાસ,
ભવ અટવીમાંહિ હું ભમ્યો, બંધાણો મોહ પાસ. શ્રી અર. ૧.

મોહરાયના રાજ્યમાં, બહોળું કટક જણાય,
મિથ્યા મહેતો તિહાં અછે, મંત્રી કુબુદ્ધિ કહાય. શ્રી અર. ૨.

અભગા સિપાઈ અતિ ઘણા, કહેતાં નાવે પાર,
તો પણ અધિકારી તણા, નામ કહું નિરધાર. શ્રી અર. ૩.

ક્રોધ માયા લોભ માન તે, મૂકે ન માહરો સંગ,
મુજ પણ તે છે વાલ્હા, નવિ મુકૂં રંગ. શ્રી અર. ૪.

રાગ દ્વેષ દોય મલ્લ વળી, બંધાણો બાંહી મરોડ,
હવે પ્રભુ તુમ્હ આગળ રહી, વિનંતી કરૂં કર જોડ. શ્રી અર. ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંધન માંહીથી છોડાવો, ઉતારો ભવપાર,
હરી હર દેવ સેવ્યા ઘણા, નવિ પામ્યો હું સાર. શ્રી અર. ૬.

સહસ વદન ન સ્તવી શકે, તુજ ગુણ આગમ અપાર,
જિમ રયણાકર રત્નનો, નવિ વિલસે પાર. શ્રી અર. ૭.

આચારિજ પંડિત ઘણા, સત્ય વિજય ગુરૂ રાય,
કપૂર વિજય તસ પાટવી, ભવિજનને સુખદાય, શ્રી અર. ૮.

ખીમાવિજય તસ પાટવી, જિનવિજય સુપસાય,
પંડિત ઉત્તમ વિજયનો, પદ્મવિજય ગુણ ગાય. શ્રી અર. ૯.

## થોય

અરજિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા,
નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઈંદ્ર ઈંદ્રાણી ગાયા. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મલ્લીનાથ પ્રભુનું ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી,
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ॥ ૧ ॥
તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય,
લંછન કલશ મંગલ કરૂ, નિર્મમ નિરમાય. ॥ ૨ ॥
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય,
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ॥ ૩ ॥

### સ્તવન (૧)

મલ્લિ જિનેશ્વર અરચિત કેસર, અલવેસર અવિનાશીજી,
પરમેશ્વર પૂરણપદ ભોક્તા, ગુણ રાશી શિવવાસી,
જિનજી ધ્યાવોજી, મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૧.

મૃગશિર સુદિ એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણજી,
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટ્યો અભિનવ ભાણ. જિનજી. ૨.

મત્યાદિક - ચઉનાણનું ભાસન, એહમાં સકલ સમાયજી,
ગ્રહ ઉડુ તારા ચન્દ્રપ્રભા જિમ, તરણી તેજમાં જાય. જિનજી. ૩.

જ્ઞેય ભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી,
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદગલ સંકલેશ. જિનજી. ૪.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાલીશ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધારજી.
સહસ પંચાવન સાહુણી જાણો, ગુણમણિ રયણ ભંડાર. જિનજી. ૫.

શત સમન્યૂન, સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાંજી,
વિચરે વસુધા ઉપર જિનજી, બહુ ઉપકારને કરતાં. જિનજી. ૬.

કેવલનાણ કલ્યાણક જિનનું, જે ભવિયણ નિત્ય ગાવેજી.
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે શુદ્ધ રૂપ તે પાવે. જિનજી. ૭.

## થોય

મલ્લિજિન નમીયે, પૂરવલાં પાપ ગમિયે,
ઈંદ્રિય ગણ દમિયે, આણ જિનની ન ક્રમીયે,
ભવમાં નવિ ભમિયે, સર્વ પરભાવ વમીયે,
જિન ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મુનિસુવ્રત સ્વામિનું ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન.
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ॥ ૧ ॥
રાજગૃહી નયરી ધણી, વીશ ધનુષ શરીર.,
કર્મ નિકાચિત રેણુ વ્રજ, ઉદ્દામ સમીર ॥ ૨ ॥
ત્રીશ હજાર વરસ તણું એ, પાળી આયુ ઉદાર,
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ॥ ૩ ॥

### સ્તવન (૧)

મુનિસુવ્રત જિન મહેર કરીને, સેવક સન્મુખ દેખો,
ચોપન લાખ વર્ષનું અંતર, મલ્લિ જિણંદથી પરખો.
ભવિજન ભાવ ધરીને એહ, અતિ આદર કરી પૂજો. ૧.
શ્રાવણ સુદિ પૂનમ પ્રભુ ચવિયા, જન્મ આઠમ જેઠ વદિ,
વીશ ધનુષની દેહ વિરાજે, રૂપ તણી હુયેં હદિ. ભવિ. ૨.
ફાગણ સુદિ બારસ દિન દિક્ષા, શામળ વરણો સોહે.
ફાગણ વદિ બારસ દિન પ્રભુજી, ક્ષપક શ્રેણિ આરોહે. ભવિ. ૩.
લહી જ્ઞાનને દીધી દેશના, ભવિજનને ઉપગારે,
ત્રીશ હજાર વરસ ભોગવીઉં, આયુ શુદ્ધ પ્રકારે. ભવિ. ૪.
જેઠ વદિ નવમીયેં વરીયા, જિન ઉત્તમ વર સિદ્ધિ,
પદ્મવિજય કહે પરગટ કીધી, આપ અનંતી રિદ્ધિ. ભવિ. ૫.

### થોય

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે,
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે,
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો,
વિજયરાય સુત છોડીને, અવર મત માચો. ॥ ૧ ॥
નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ.
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિગેહ. ॥ ૨ ॥
દશ હજાર વરસતણું એ, પાળ્યું પરગટ આય.
પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય. ॥ ૩ ॥

### સ્તવન (૧)

નિત નમીયેં નમિ જિનવરૂં રે જો, જે એક અનેક સ્વરૂપ જો.
નિત્ય અનિત્ય પણે વળી જો, જેહના ગુણ અતિ અદ્‌ભૂત જો. નિ. ૧.
અવયવી અવયવ રૂપ છે જો, જે અસ્તિ નાસ્તિ સ્વભાવ જો,
વળી ગુણાતીત ને જે ગુણી જો, રૂપાતીત સ્વરૂપી ભાવજો. નિ. ૨.
વ્યય ઉત્પત્તિ ધ્રુવ જેહ છે જો, જે વેદી અવેદી વિચાર જો.
ભિન્નપણે અભિન્ન પણે કરી જો, નિત્ય ભોગવે સુખ શ્રીકાર જો. નિ. ૩.
કર્ત્તા અકર્ત્તા જેહ છે જો, વળી ભોક્તા અભોક્તા જેહ જો.
સક્રિય અને અક્રિય વળી જો, પરિણામ ઈતર ગુણ ગેહ જો. નિ. ૪.
યોગાતીત યોગીસરૂ જો, વર્ણાતીત ને તદવંતજો.
સ્યાદવાદે એણી પરે કરી જો, તું સિદ્ધ સ્વરૂપ ભગવંત જો. નિ. ૫.
ઈમ જિનવરને ઓળખી જો, જે થિર મન કરી કરે સેવજો,
ઉત્તમ ભવિજન તે હોવે જો, કહે પદ્મવિજય પોતે દેવજો નિ. ૬.

### થોય

નમિયે નમિ નેહ, પુણ્ય થાયે જયું દેહ,
અઘ સમુદય જેહ, તે રહે નાંહી રેહ,
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ,
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય,
સમુદ્ર વિજય પૃથિવીપતિ, જે પ્રભુના તાય. ॥ ૧ ॥
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર,
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ॥ ૨ ॥
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ॥ ૩ ॥

### સ્તવન (૧)

શામળીયા લાલ તોરણથી રથ ફેર્યો કારણ કહોને,
ગુણ ગિરૂઆ લાલ મુજને મૂકી ચાલ્યા દરિસણ દ્યો ને.
હું છું નારી તે તમારી, તુમે સેં પ્રીતિ મૂકી અમારી.
તુમે સંયમ સ્ત્રીમનમાં ધારી. શામ. ૧.

તુમે પશુ ઉપર કૃપા આણી, તુમે મારી વાત ન કો જાણી
તુમ વિણ પરણું નહિં કો પ્રાણી. શામ. ૨.

આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યા રોતલડી.
નહિ સજ્જનની એ રીતલડી. શામ. ૩.

નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકાવું હું માથે,
પણ જાવું પ્રભુજીની સાથે. શામ. ૪.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈમ કહી પ્રભુ હાથે વ્રત લીધો, પોતાનો કારજ સવિ કીધો.
પકડયો મારગ એણે શિવ સીધો. શામ. ૫.

ચોપન દિન પ્રભુજી તપ કરીયો, પણપન્ને કેવલ વર ધરીઓ,
પણ સત છત્રીશ શું શિવ વરીઓ. શામ. ૬.

ઈમ ત્રણ કલ્યાણક ગિરનારે, પામ્યો તે જિન ઉત્તમ તારે.
જો પાદ પદ્મ તસ શિર ધારે. શામ. ૭.

### થોય

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી,
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલ શ્રી સારી, પામીયા ઘાતિ વારી. ૧.

●



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ,
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ॥ ૧ ॥
અશ્વસેન સુત સુખકરૂં, નવ હાથની કાયા,
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ પાયા. ॥ ૨ ॥
એક સો વરસનું આઉખું એ, પાળી પાસ કુમાર,
પદ્મ કહે મુક્તે ગયા, નમતાં સુખ નિરધાર. ॥ ૩ ॥

### સ્તવન (૧)

ભેટીયે ભેટીયે ભેટીયે, મનમોહન જિનવર ભેટીયે.
શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર, પૂજી પાતક મેટીએ. મન. ૧.
જાદવની જરા જાસ ન્હવણથી, નાઠી એક ચપેટીએ. મન. ૨.
આશા ધરીને હું પણ આવ્યો, નિજ કરે પીઠ થપેટીએ. મન. ૩.
ત્રણ રતન આપો જયું રાખ્યા, નિજ આતમની પેટીએ. મન. ૪.
સાહિબ સુરતરૂ સરીખો પામી, ઔર કુણ આગે લેટીએ. મન. ૫.
પદ્મવિજય કહે તુમ રે ચરણ થેં, ક્ષણ એક ન રહું છેટીએ. મન. ૬.

### સ્તવન (૨)

હાલો હાલો હાથી ઘોડા શણગારો રે.
પાર્શ્વનાથને દેહ રે વહેલાં પધારો રે. .... હાલો હાલો... ૧.

પાર્શ્વનાથની મૂર્તિ છે મનોહારી રે.
પાર્શ્વનાથ તો બેઠાં પલાઠી વારી રે. .... હાલો હાલો... ૨.

સુણો સુણો શ્રાવક સમકિત ધારી રે.
પાર્શ્વનાથ તો પ્રાણત દેવલોકથી ચવ્યા રે. .... હાલો હાલો... ૩.

પાર્શ્વનાથ ને છપ્પન દિક્કુમરીએ હુલરાવ્યા રે.
પાર્શ્વનાથ ને ચોસઠ ઈન્દ્રે ન્હવરાયા રે. .... હાલો હાલો... ૪.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથ તો વામાદેવીના નંદ રે.
પાર્શ્વનાથ તો અશ્વસેન કુલ ચંદ રે. .... હાલો હાલો... ૫.

પાર્શ્વનાથ ને સેવે ચોસઠ ઈન્દ્ર રે.
પાર્શ્વનાથ પૂજે પરમાનંદ રે. .... હાલો હાલો... ૬.

પાર્શ્વનાથ તો સમતા ગુણથી ભરિયા રે.
પાર્શ્વનાથ તો ભવસમુદ્રથી તરિયા રે. .... હાલો હાલો... ૭.

પાર્શ્વનાથ ની સિદ્ધ અવસ્થા સોહે રે.
પાર્શ્વનાથ ની મૂર્તિ દેખી મન મોહે રે. .... હાલો હાલો... ૮.

પાર્શ્વનાથ ને પુરિષાદાની કહિયે રે.
પાર્શ્વનાથ ને સેવ્યાથી સુખ લહિયે રે. .... હાલો હાલો... ૯.

પાર્શ્વનાથને નામે નવનિધી થાય રે.
પાર્શ્વનાથના પદ્મવિજય ગુણ ગાય રે. .... હાલો હાલો... ૧૦.

## સ્તવન (૩)

આંગી અજબ બની છે જોર (૨) આવો દર્શન જઈએ (૨)
અજબ અજબ મુજ મનને વલ્લભ, દુર્લભ દુર્લભ જનને.
રૂપ નિહાળી અનુભવ ઉઠે, મીઠી લાગે મનને. ... આવો... ૧.
શુદ્ધ પવિત્ર પણે પૂજીજે, કેશર ચંદન ઘોળી,
પુષ્પ સુગંધી ચઢાવો પ્રભુને, સહુ મળી સરખી ટોળી. ... આવો... ૨.
પૂજી કરજોડી પ્રભુ આગળ, ભાવના ભાવે ગાવે,
સરસ સુકંઠ પ્રભુ પાસ જિનેસર, મન ઉત્કંઠે ધ્યાવે. ... આવો... ૩.
તુ અકલંક સ્વરૂપ અરૂપી, ગતરાગી નિરાગી,
સંસારી જે જે દુઃખ પાવે, તે તુજ નહીં વડભાગી. ... આવો... ૪.
સુરતમાંહી સુરજ મંડન, ઉપર શ્રી જીનધર્મ,
જીન ઉત્તમ શિષ્ય પદ્મવિજયને, દ્યો શાશ્વત શીવશર્મ. ... આવો... ૫.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સ્તવન (૪)

શ્રી ચિંતામણી પાર્શ્વજી, પ્રભુ દ્યો દરિસણ મહારાજ રે. પ્રભુજી મોરા.
સુરતરૂની પેરે શોભતા રે, આપો આપો અવિચલ રાજ રે. પ્રભુજી ...૧.
કુમારપણે કરૂણા કરી રે, બળતો ઉગાર્યો નાગ રે. પ્રભુજી.
જો સેવક ને વિસારશો રે, અપયશનો છે લાગ રે. પ્રભુજી ...૨.
વામા ઉરસર હંસલો રે, અશ્વસેન કુલચંદ રે. પ્રભુજી.
શીવરમણી વર્યા પ્રભુજી, ભોગવે પરમાનંદ રે. પ્રભુજી ...૩.
ધન્ય જીવન પ્રભુ માહરૂં રે, અહર્નિશ સેવું તુમ પાય રે. પ્રભુજી.
ભક્તિ ભલી પરે સાચવું રે, આણ વહે સહાય રે. પ્રભુજી ...૪.
ભવ અટવી ભમતાં થકાં રે, દીઠો તુમ દેદાર રે. પ્રભુજી.
જિન ઉત્તમ દેખી હુવો રે, પદ્મને હર્ષ અપાર રે. પ્રભુજી ...૫.

## થોય

શ્રી પાસ જિણંદા, મુખ પૂનમ ચંદા,
પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા,
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા,
સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા. ૧.

•



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મહાવીર સ્વામિનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ॥ ૧ ॥
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા,
બહોંત્તેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ॥ ૨ ॥
ખિમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત. ॥ ૩ ॥

### સ્તવન (૧)

વીર જિનેશ્વર પ્રણમું પાયા, ત્રિશલા દેવી માયા રે,
સિદ્ધારથ રાજા તસ તાયા, નંદિવર્ધન ભાયા રે.... વીર... ૧.
લેઈ દીક્ષા પરિષહ બહુ આયા, શમ દમ સમણ તે જાયા રે,
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન ઠાયા, નિંદ્રા અલપ કહાયા રે.... વીર... ૨.
ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે,
ત્રણ પ્રકારે વીર કહાયા, સુર નર જસ ગુણ ગાયા રે.... વીર... ૩.
જગત જીવ હિતકારી કાયા, હરિલંછન જસ પાયા રે.
માન ન લોભ વળી અકષાયા, વિહાર કરે નિરમાયા રે.... વીર... ૪.
કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુકલ પ્રભુ ધ્યાયા રે,
સમવસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે.... વીર... ૫.
કનક કમલ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશન દાયા રે.
પાંત્રીશ ગુણ વાણી ઉચરાયા, ચોત્રીશ અતિશય પાયા રે.... વીર... ૬.
શૈલેશીમાં કર્મ જલાયા, જિત નિસાણ વજાયા રે,
પંડિત ઉત્તમ વિજય પસાયા, પદ્મવિજય ગુણ ગાયા રે.... વીર... ૭.

### થોય

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા, લંછન મૃગેંદા, જાસ પાયે સોહંદા,
સુરનર વર ઈંદા, નિત્ય સેવા કરંદા, ટાલે ભવ ફંદા, સુખ આપે અમદા. ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિવિધ ગહુંલીઓ















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org










Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org















Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિવિધ ગહુંલીઓ











Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org










Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org









**પુસ્તકમાં મુદ્રણદોષ અથવા**
**જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ લખાયું હોય**
**તે બદલ ત્રિવિધે**



# મિચ્છામિ દુક્કડમ્





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org